૯૨
C

# પ્રસંગ ચિત્રો

૨

1600030

— ધૂમકેતુ —






ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

પ્રકાશક ને વિક્રેતા

ગાંધી રસ્તા, અમદાવાદ

૨૬૫.

# પ્રસંગકથાઓ

## ભાગ : બીજો

## ધૂમકેતુ

[ ૧-૪-૦ ]
સવા રૂપિયો

પ્રકાશક
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : અમદાવાદ.
૧૯૬૨

આવૃત્તિ પહેલી
૧૯૬૨

[ સર્વ હક્ક સ્વાધીન ]

: પ્રકાશક :
શંભુલાલ જગશીભાઈ શાહ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : અમદાવાદ

: મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ : શારદા મુદ્રણાલય
પાનકોર નાકા : અમદાવાદ

⁂ સામાન્ય જનસમૂહને દૃષ્ટિમાં રાખીને, જે પુસ્તકો લખાયાં છે, તેમાં આ પુસ્તક યોગ્ય સ્થાન મેળવશે એવી આશા છે.

* થોડું ભણેલા માટે, આમાં કેટલાક અનુભવો ને પ્રસંગો મૂક્યા છે. એનું વાચન રસદાયી ને ઉપયોગી નીવડશે.

માર્ચ, ૧૯૬૨
કર્ણાવતી નિવાસ,
૨૩, સૌરાષ્ટ્ર સોસાયટી,
અમદાવાદ–૭

ધૂમકેતુ

## અનુક્રમ


કોહિનૂરનું તેજ તે દિવસે ઝાંખું પડ્યું ! ૭
એકસો નવાણું ગયાં—એક માટે ઝઘડો ૯
અધરું કામ ૧૬
સાધુ અને શયતાન ૨૨
કેટલાક પ્રસંગો :—
ચાલે શી રીતે ? ૨૮
ત્રણ ચકરડી કાઢી લીધી ૨૯
બધી ભેટ પડી રહી ૩૨
પુસ્તકની કિંમત ૩૪
મધ્યદરિયે વહાણ ડોલ્યું ૩૬
નિમાઈ પંડિત ૩૯
દુર્ગાદાસની ઉદારતા ૪૭
દેડકીની ડાહી વાત ૫૦
સિંહ અને પતંગિયું ૫૭
જ્ઞાન–દીપ ૬૧
રૂપક કથા ૬૯
જીવનનો રંગ ૭૪–૮૦

# પ્રસંગ કથાઓ

[ ભાગ બીજો ]

[૧]

## કોહિનૂરનું તેજ તે દિવસે ઝાંખું પડયું !

આ મહામૂલ્યવાન કોહિનૂર હીરાનું તેજ પણ એક દિવસ ઝાંખું પડી ગયું હતું. એને પણ લાગ્યું હતું કે, હું મહામૂલ્યવાન હીરો સાચો, પણ માનવ દિલના, એક ભાવ કે ભાવના કે ઉર્મિ કે જીવનરંગની તુલનામાં હું કાંઈ જ નથી ! માણસના દિલનો પ્રેમ, એ સાચો હીરો.

નાદીરશાહ બાદશાહે દિલ્હી નગરીને લૂંટી લીધી. અઢળક સમૃદ્ધિ એણે ભેગી કરી. એમાં કારણ રૂપ તો હતા, મોગલબાદશાહોના અધિકારીઓ પોતે જ. એમને એકબીજા ઉપર એટલી બધી ઈર્ષા હતી કે ભારતવર્ષ લૂંટાઈ જાય તો ભલે; પણ એમની ઈર્ષા, એમની અદેખાઈ સંતોષાય એટલે બસ. એમણે જ એક-બીજાની સંપત્તિ લૂંટાવી દીધી.

અત્યારે જેમ દિલ્હીમાં, મોગલાઈનું પુનરાવર્ત્તન થયું છે, અને હરેક પ્રાંત, બીજા પ્રાંતનો દ્વેષ કરે છે—બરાબર મોગલોના છેલ્લા દિવસો, એવા જ હતા.

એટલે નાદીરશાહે અઢળક સમૃદ્ધિ લઈ લીધી. હીરા, માણેક, મોતી, સોનું બધું લૂંટી લીધું. એમાં કોહિનૂર—દુનિયાનો તેજસ્વીમાં તેજસ્વી—હીરો પણ હતો.

પણ નાદીરશાહ જેવા જંગલીના દિલમાં પણ દિલ્હીની ઇમારતોએ અસર કરી. એને એક કવિતા આપી.

એને થયું કે આવી ઇમારતો, હું મારા ઈરાનમાં ઊભી કરું. એટલા માટે એણે દિલ્હીમાંથી જ કારીગરો, કડિયા, કલાકારોને પણ સાથે ઉપાડયા. એ બિચારાઓની વેદનાનો કોઈ પાર ન હતો. કુટુંબ આંહીં રહેતું હતું. પોતે જતા હતા. એમને મન તો હવે હિંદ માતૃભૂમિ હતી. એ માતૃભૂમિ છોડીને એ જતા હતા. એમને જવું પડતું હતું. પાછા ક્યારે આવે એ કોણ જાણે?

નાદીરશાહ એ બધાને સાથે લઈને પંજાબમાં આવ્યો. પંજાબમાં રાવી નદીમાં ભયંકર પૂર આવ્યું હતું. એનું સૈન્ય સાહસ કરવા જતાં, થોડુંક તો પાણી ભેગું પણ

થઈ ગયું. એ વખતે પંજાબમાં સૂબો ઝકરિયાખાન હતો. તેણે અથાગ મહેનત લઈને, હોડીઓ—હોડીવાળાઓ એ બધાનો એવો સરસ બંદોબસ્ત કર્યો કે, છેવટે સૈન્ય સહીસલામત, નદી પાર કરી ગયું.

નાદીરશાહ પણ, ઝકરિયાખાનની આ સેવા ઉપર, આફ્રીન થઈ ગયો હતો. તેણે વિદાય લેતા પહેલાં, એને ભરદરબારમાં બોલાવીને માન આપ્યું. અને એને કહ્યું: 'ઝકરિયાખાન સૂબા! કોઈ જાતના અંદેશા વિના, દિલ ચાહ્ય, એ ચીજ મારી પાસેથી માગી લો. તમને એ આપી.'

પણ નાદીરશાહની એ વાત સાંભળીને દરબારીઓ પણ ક્ષોભ પામી ગયા. વખત છે ને આ મયૂરાસન માગી લેશે તો? કોહિનૂર પાછો માગશે તો? બાદશાહે વેણ આપ્યું છે. હવે ના કેમ પડાશે?

અને ત્યાં તો બાદશાહે એને ફરી વાર ખાતરી આપી: 'દિલ ચાહે વો ચીજ માંગ લો. અંદેશા જરા ભી મત રખ્ખો. મીલેગી યા નહીં ઐસી કોઈ બાત નહીં. ચાહે વો માંગ લો, તુમકો દી.'

હવે તો કોઈને જ શંકા ન રહી કે, જો આ ઝક-

રિયાખાન મયૂરાસન માગશે, તો બાદશાહ એ પણ પાછું આપી દેશે. મયૂરાસન તો, હીરા, માણેકથી ભરેલું, બાદશાહી સિંહાસન હતું.

સૌ એકી નજરે ઝકરિયાખાન તરફ જોઈ રહ્યા. આ સૂબો શું માગે છે, એ સાંભળવા સૌ આતુર થઈ ગયા. બધાની નજર એના ઉપર જ ચોંટી ગઈ.

એટલામાં બાદશાહે ત્રીજી વખત પણ ખાતરી આપી: 'ડરો મત. અંદેશા મત રખ્ખો. દિલ ચાહે વો માંગ લો.'

ઝકરિયાખાને બે હાથ જોડીને કહ્યું: 'જહાંપનાહ! જો બાદશાહ સલામત, ખરેખર મારી સેવાની કદર કરવા માગતા હોય તો, મારે બીજું કાંઈ જોઈતું નથી... પણ...'

એ ભયંકર 'પણ' સાંભળીને તમામ ઊંચા નીચા થઈ ગયા. આ કોણ જાણે હવે શું માગશે? બાદશાહ પણ સાંભળી રહ્યો. હવે આ શું માગે છે?

'જો નામદાર બાદશાહ, મારી કદર કરવા માંગતા હોય, તો મને આટલું જ આપે...'

'આટલું જ? પણ શું આટલું જ?' હજી વાત પૂરી થઈ ન હતી.

'શું આપવાનું છે, બોલો!' બાદશાહે કહ્યું.

'આટલું જ નામદાર! મારા જે જાતભાઈઓને તમે દિલ્હીમાંથી સાથે ઉપાડ્યા છે, ઈરાન લઈ જવા માટે, એમના દિલમાં ભારે દુઃખ છે. જે રાજીખુશીથી પોતાની મેળે આવવા માગતા હોય, તે ભલે નામદાર બાદશાહની સાથે આવે. પણ બીજા બધાને, નામદાર જહાંપનાહ, પાછા જવાની રજા આપે. નામદાર બાદશાહ, મારી કદર કરવા માગતા હોય તો, મારે આટલું જ માગવાનું છે. ગુલામનો ગુન્હો હોય તો માફ કરવો ઘટે છે, નામદાર!'

ઝકરિયાખાનની આ વાત સાંભળીને, સૌ દરબારીઓ ચકિત થઈ ગયા. બાદશાહ પોતે પણ ચકિત થઈ ગયો. આણે માગી માગીને આ માગ્યું? ન કોહિનૂર હીરો માગ્યો, ન મયૂરાસન માગ્યું. આમાં શું માગ્યું?

પોતે વચન તો આપી ચૂક્યો હતો. એટલે બાદશાહે તરત જ હુકમ કર્યો: 'ઝકરિયાખાન સૂબાની સાથે ફરીને જાણી લો કે, કોને પાછું ફરવું છે. ને જે પાછા

ફરવા માગતા હોય, તેને રોકટોક વિના પાછા ફરી જવા દો.'

ઝકરિયાખાન આ સાંભળીને ખુશ ખુશ થઈ ગયો.

કોહિનૂર હીરાનું, દુનિયાને જણાતું તેજસ્વીમાં તેજસ્વી તેજ પણ, તે દિવસે, આ માનવતાના તેજમાં ઝાંખું પડી ગયું!

ઇતિહાસે નોંધેલો આ પ્રસંગ આજ પણ મુગલાઈના છેલ્લા દિવસોના, છેલ્લી જ્યોત જેવો, ઝળહળી રહ્યો છે. ઝકરિયાખાને પોતાના હિંદના જાતભાઈઓને ભારતભૂમિને જ, પોતાની માતૃભૂમિ ગણતા સાંભળ્યા હતા. અને ફરતાં ફરતાં, એમના દિલની વેદનાઓ પણ સાંભળી હતી. એને મનમાં અપાર દુઃખ થતું હતું. પોતે આમાં કાંઈ જ મદદરૂપ બની શકે તેમ ન હતો. નાદિરશાહ પાસે એક હરફ પણ બોલાય તેમ ન હતું.

પણ ખુદાની મહેરબાનીથી, એને તક મળી ગઈ.

અને એણે એ વખતે, કોહીનૂર, મયૂરાસન, મોગલ બાદશાહની મહેરબાની, પોતાની ઇજ્જત વધે, એવી કોઈ વાત ન માગતાં, આ જાતભાઈઓનાં દુઃખમાં દુઃખી થઈને, એમની મુક્તિ માગી લીધી.

# એકસો નવાણું ગયાં—એક માટે ઝઘડો

ઘણાં ઘણાં વર્ષો પહેલાં બે ભાઈઓ વચ્ચે એક તકરાર થઈ. એ તકરારની વાત પછી તો લોકોએ દૃષ્ટાંત કથા તરીકે અપનાવી લીધી. અને એમાંથી સમાજનું શિક્ષણ ચાલ્યું.

એક વખત એવું બન્યું કે, એક માલધારી મરણ-પથારી ઉપર પડ્યા. એને બે દીકરા હતા. એણે બન્ને દીકરાને બોલાવ્યા, ને કહ્યું કે જુઓ, આપણો બીજો માલ-સામાન તો તમે વહેંચી લેશો. પણ આપણાં બસો ઘેટાં છે તે તમે સંપીને સો સો વહેંચી લેજો. પણ જિંદગી ભર એ ઘેટાંઓએ મને અન્ન, વસ્ત્ર ને આબરૂ આપી છે, માટે કોઈ સમયે એમને રખડતાં મૂકતા નહિ. બીજાને હાથ સોંપો, તો સારો માણસ શોધજો. પૈસા સામે જોતા નહિ. કારણ કે એ આપણાં ઘરનાં સ્વજનો જેવાં જ છે.'

બન્ને દીકરાઓએ વાત કબૂલ કરી. પછી માલધારી તો મરણ પામ્યો. ને બન્ને જણાએ સો સો ઘેટાં વહેંચી લીધાં

પણ આ બન્ને ભાઈઓના સ્વભાવમાં આકાશ-પાતાળ જેટલું અંતર. એક ભાઈ, બેઠો ચિત્ર કામ કરે. બીજો ભાઈ બેઠો, કુસ્તી કર્યા કરે. એને ખબર પડે કે ગામમાં દંગલ છે કે કુસ્તીબાજો આવ્યા છે, તો હજાર કામ પડતાં મૂકીને, એ ત્યાં પહોંચી જવાનો.

બાપે એમને ઘેટાં તો સોંપ્યાં, પણ આ બેમાંથી એકેને ઘેટાંમાં રસ નહિ.

હવે આ ઘેટાંનાં ટોળાંમાં પણ વાત ચાલી કે, આ બેય આપણા નવા માલિક, આપણું કાંઈ ઉકાળે તેમ નથી, ને પોતાનું પણ કાંઈ ઉકાળે તેમ નથી. આ ટોળામાં એક ડાહ્યું ઘેટું હતું. એણે વિચાર્યું કે જો વાત આમ ને આમ ચાલ્યા કરશે, તો આપણા ભોગ મળી જશે.

એટલે એ ઘેટાએ, બધા ઘેટાંઓને ભેગાં કરીને કહ્યું કે, 'જુઓ ભાઈ! આપણી શી કિમ્મત છે, એ આ

આપણા નવા માલિકો જાણતા નથી. અને એ પાછા ડાહ્યલા એવા છે કે, લીધી વાત મૂકે તેવા નથી. એટલે આપણે અત્યારથી, એક રસ્તો કાઢો. ધીમે ધીમે આપણે બીજા માલધારીઓના ટોળામાં ભળવાનું રાખો. પછી ધીમે ધીમે, એક પછી એક રવાના થતું રહેવું. આ માલિકોની આંખ ત્યારે ઊઘડે, તો ઊઘડે!'

ડાહ્યા ઘેટાની આ વાત સાંભળીને, એક મૂરખ ઘેટાએ કહ્યું: 'પણ એમ કરવા કરતાં, આપણે બધાં જ એક સાથે ભાગી જઈએ. એટલે એ ખાંડ ખાઈને આપણને શોધવા નીકળશે, ને ત્યારે એમને આપણી કિમ્મત સમજાશે.'

ડાહ્યા ઘેટાએ જવાબ વાળ્યો: 'એમ નથી ભાઈ! આપણે બીજા માલધારીઓની નજરે પડીએ, તો એ આપણી કિમ્મત સમજે છે. એટલે આપણે માટે, એ કાંઈક કરવાના. એ આપણને આમના હાથમાંથી છોડાવવાના. ને આમના હાથમાંથી, આપણી સંભાળ લેવાના.

બાકી આપણે આપણી મેળે ભાગશું, તો એમાં કાંઈ ઇદં તૃતીયં થશે! આપણે કોઈ દી આધાર વિનાં રહ્યાં નથી.

પણ મૂરખ ઘેટું કોને કહે ? એણે તો ફેંકોલોજી શરૂ કરી: 'શું આપણે એવા નમાલા છીએ કે એકલા ન રહીએ?' એમ ને એમ ફેંકોલોજીમાં જે શક્તિ કોઈ ઘેટામાં હતી નહિ, એકલા રહેવાની, તે શક્તિ બધામાં છે, એમ એણે હાંક્યે રાખ્યું.

ને મૂરખાઈને જ્યારે પોતાની શક્તિની વાત આવે છે ત્યારે નશો ચડે છે. એમ બધાં ઘેટાંને પોતપોતાની શક્તિનો નશો ચડી ગયો.

હવે એક વખત એવું બન્યું કે, પેલા જે ચિતારા-ભાઈ હતા, તેણે પોતાના કુસ્તીબાજ ભાઈને કહ્યું કે, 'મારાં ઘેટાં તું સાચવજે. ત્યાં હું હમણાં બે–ચાર ચિતરામણ કરીને આવું છું. એ ચિતરામણના પૈસા આવશે, તેમાંથી તારી રખેવાળીના પૈસા હું તને આપીશ.'

કુસ્તીબાજભાઈએ, પૈસાના લોભે લોભે હા પાડી. ને પોતે બધાં ઘેટાં સાચવવા બેઠો. પણ ત્યાં એવું બન્યું કે ગામમાં કોઈ પહેલવાનો આવ્યા. એમની કુસ્તીનું દંગલ જાહેર કરવા માટે ગામમાં ઢોલ વાગ્યો. અને આ ભાઈના તો એ સાંભળીને કાન ચમક્યા.

એણે વિચાર્યું કે, એટલી વારમાં ઘેટાં ક્યાં જવાનાં હતાં? ને ત્યાં તો ભાઈ આવી જશે. એટલે એ તો, પોતાની ધૂન પ્રમાણે, રંગલ જોવા પહોંચી ગયો ને ત્યાં એને એવો રસ આવ્યો કે, ઘેટાંની બધી વાત ભૂલી ગયો. હવે આ તરફ પેલું મૂરખ ઘેટું, બધાને કહેવા માંડ્યું કે આ તક છે. માટે આપણે સૌ દોડી જઈએ.

મૂરખ ઘેટું એમ કહીને આગળ થયું. એટલે બીજાં બધાં ઘેટાં એમની પાછળ દોડ્યા. એ તો ઘેટાં!

હવે પેલા ભાઈ પાટિયાં ચીતરીને પાછા આવ્યા. પણ ત્યાં કેવાં ઘેટાં ને કેવી વાત?

એટલામાં રંગલવાળો ભાઈ પણ આવ્યો. પણ એ બન્ને એમાંથી લડી પડ્યા. રંગવાળો કહે તેં ધ્યાન ન આપ્યું, ને ઘેટાં ભાગી ગયાં.

રંગલવાળો કહે, તું ચીતરવા ગયો, એમાં એ ભાગી છૂટયાં. તું વહેલો આવ્યો હોત તો એ બધાં આંહીં જ ઊભાં હોત.

એમ એ બન્ને તો કોણ જાણે કેટલો વખત લડત. પણ કોઈકે કહ્યું: 'પહેલાં ઘેટાંની તપાસ તો કરો. ઘેટાં છે કે નથી? ન હોય તો તમારે લડવું મટ્યું.'

એટલે એ બન્ને જણા ઘેટાંને શોધવા નીકળ્યા.

પણ ત્યાં તો બનેલું એવું કે, પેલું મૂરખ ઘેટું, જે બધાને દોરતું હતું, તે કૂવામાં પડ્યું. અને એને કૂવામાં પડેલું જોઈને બધાં ઘેટાંએ વિચાર્યું કે, કૂવામાં કાંઈક છે, એટલે આપણે સૌએ એમાં પડવાનું છે. એટલે એ બધાં પણ કૂવામાં ખાબક્યાં.



આ બન્ને જણા, શોધતા શોધતા ત્યાં આવ્યા. ત્યારે માત્ર એક ડાહ્યું ઘેટું ત્યાં ઊભું હતું.

પણ પોતાનાં બધાં ઘેટાં આમ નાશ પામી ગયાં, તેથી એ બન્ને હવે આ એક રહ્યા સહ્યા ઘેટા વિષે તકરાર કરવા બેઠા ! એ હવે કોનું ?

કયા સોમાંથી એ બચ્યું છે ? એટલે પેલાં એકસો

નવાણું ઘેટાં તો ભૂલાઈ ગયાં, પણ આ એક વિષે તકરાર ઊઠી.

એ તકરારમાં એ બન્ને ખૂવાર થઈ જાત. પણ ત્યાં કોઈક ડાહ્યા માલધારીએ એમને કહ્યું કે, તમે જે ખોયું, તેને માટે તમારો અધિકાર ન હતો. હવે આ સાચવો છો, એને માટે પણ તમારો અધિકાર નથી. એ એક ઘેટાની તકરારમાં, તમે હવે ઘરવખરી પણ ખોશો.

માટે ડાહ્યા હો, તો એના પૈસા કરીને વહેંચી લ્યો.

જે ચીજની જેને કિમ્મત નથી, તે ચીજ તેને મળે, તો એમાંથી છેવટે, એનો પોતાનો જ નાશ થાય છે! મહેનત વિના મળે તે મહેનત વિના જાય!

આ ઘેટાંની વાત જાણીને, લોકોએ પછી કહેવત જોડી કે, અંધ નેતા ને અંધ અનુયાયી, ખાડામાં પડ્યા કે પડશે!

[૩]

# અધૂરું કામ

માનવસ્વભાવની આ નબળાઈ છે. એને બીજાનું કામ સહેલું લાગે છે. પોતાનું અઘરું.

એક અત્યંત સુંદર દૃષ્ટાંતકથા આ વિષે છે. એમાં માનવસ્વભાવની એ નબળાઈનું આબેહૂબ વર્ણન કર્યું છે. એમાં એમ આવે છે કે, એક વખત દેવોના રાજા ઇંદ્રદેવે પોતાના બે દેવદૂતોને બોલાવ્યા. અને એમને કહ્યું કે, મારે તમને એક કામ સોંપવું છે.

આપણું દેવોનું કામ છે કે પૃથ્વી ઉપર કોઈ માણસ, કાંઈ પણ સારો પ્રયત્ન કરતો હોય તો, એમાં આપણે મદદરૂપ બનવું.

આપણે દેવોએ આ કામ સ્વીકાર્યું છે. તમારે બન્નેને પૃથ્વી ઉપર જવાનું છે. અને એક જણાએ એક સાધુને સુધારવાનું કામ કરવાનું છે. બીજાએ એક

શઠને સુધારવાનું કામ કરવાનું છે. એ બન્નેને સુધારી શકાય તેમ છે. માટે બોલો, તમારામાંથી કોને કયું કામ પસંદ પડશે ?



દેવદૂતોએ કહ્યું કે, અમને તો તમે જે કામ સોંપો તે અમે કરવાના છીએ. માટે તમે જ કામ વહેંચી દ્યો !

ઇંદ્રરાજાએ, બેમાંથી એકેને કાંઈ કહેવાપણું ન રહે માટે, બે ચિઠ્ઠીઓ તૈયાર કરી. એમાં દરેકનું કામ લખ્યું ને કહ્યું કે એક એક ચિઠ્ઠી ઉપાડી લ્યો. જેને જે કામ મળે તે. બન્ને જણાએ એક એક ચીઠ્ઠી લઈ લીધી. અને પોતપોતાના કામ માટે ચાલી નીકળ્યા.

હવે બન્યું એવું કે, એ દરેક પોતપોતાનું કામ કરે. પણ બન્નેના મનમાં હમેશાં વસવસો રહે કે, મને અઘરું કામ મળ્યું છે.

એવામાં એક વખત ફરતાં ફરતાં એમનો બન્નેનો ભેટો થઈ ગયો. અને એ બન્ને વાતોએ ચડયા. સાધુનું કામ જેણે લીધું હતું, તેણે કહ્યું કે મારું કામ એવું અઘરું છે કે, ન પૂછો વાત !

એટલે બીજાએ કહ્યું: 'તમારું કામ અઘરું છે કે મારું ? મારે તો શઠને સુધારવો છે. તમારે તો સાધુને સુધારવો છે. કામ તો ખરેખરું અઘરું મારું છે !'

'અરે ! તમે પણ ઠીક, પોતાની જાહેરાત આદરી છે.' બીજો બોલ્યો: 'કામ મારું કેવું અઘરું છે, એ તમને શું ખબર પડે? તમે શઠને સુધારી શકો, પણ દંભી સાધુને તો ભગવાન પણ સુધારી ન શકે. સાધુ પોતાને સાધુ મનાવે છે. બોલવામાં તો જાણે એને કોઈ પહોંચે નહિ. અને છે ઠગનો ઠગ ! બોલો, એને શી રીતે સુધારવો ?' પેલાએ જવાબ દીધો. 'આ તો તમે એવી વાત કરો છો કે, જાણે તમારું કામ જ અઘરું હોય !'

'અને અઘરું છે જ.' બીજાએ જવાબ વાળ્યો.

એમાંથી તો બન્ને દેવદૂતો વચ્ચે વાત વધી પડી. કોઈ નમતું જોખવા તૈયાર નથી. દરેક કહે છે કે મારું કામ અઘરું, તારું કામ સહેલું.

આ પ્રમાણે એ બન્ને ઝઘડતા હતા ત્યાં દેવર્ષિ નારદજી ત્યાંથી નીકળ્યા. એમણે બન્નેને ઝઘડતા જોઈને કહ્યું: 'ભાઈઓ! તમે આમ ઝઘડો તે સારું કહેવાય? તમે તો દેવદૂતો છો. શી વાત છે? શાને માટે ઝઘડો છો?'

એટલે બન્ને જણાએ પોતપોતાની વાત કહી.

નારદજીએ વિચાર કરીને કહ્યું: 'ત્યારે તમે માનો છો નાં કે, જે કામ બીજો કરે છે, તે સહેલું છે? ને તમારું કામ અઘરું છે?'

'એમાં માનવા ન માનવાનું ક્યાં છે? એ પ્રમાણે છે જ.' બન્નેએ એકી સાથે જવાબ વાળ્યો.

નારદજીએ કહ્યું: 'ત્યારે આનો હું તમને રસ્તો બતાવું!'

'શું?'

'તમે બન્ને જણા કામ બદલી નાખો. એટલે દરેકને સહેલું કામ મળી જશે નાં?'

'હા, હા...એ બરાબર...'

વાત સાંભળીને બન્ને ઉત્સાહમાં આવી ગયા હતા. દરેકે માન્યું કે પોતાને સહેલું કામ મળે છે, એટલે બન્ને જણાએ સામસામે કામ બદલી નાખ્યું. અને બન્ને જણા ખુશ થયા કે, એમને સહેલું કામ મળ્યું છે. પણ નારદજીએ એક શરત મૂકી હતી કે, હવે જો કામ બદલાવવું પડે, તો તમારે ઈંદ્રદેવને મળવું પડે.

બન્નેએ એ કબૂલ કર્યું. કામ બદલી કાઢ્યું. ખુશ થતા ચાલી નીકળ્યા. પણ પંદર દિવસ ન થયા ત્યાં પાછા એ બન્ને જણા ઈંદ્રદેવ પાસે પહોંચ્યા.

એમને પાછું કામ બદલવું હતું. બીજાનું કામ સહેલું થઈ ગયું હતું. પોતાનું કામ અઘરું થઈ ગયું હતું.

નારદજી એ વખતે ત્યાં હતા. એમણે બન્ને દેવદૂતોને જોયા. ને એમને પૂછ્યું: 'કેમ? કેમ આવ્યા છો?'

બન્નેએ ફરિયાદ કરી કે, સામાવાળાને સહેલું કામ મળી ગયું હતું. પોતાને અઘરું કામ મળ્યું હતું.

ઇંદ્રદેવ પણ, એમની આ વાત સાંભળીને, મનમાં ને મનમાં હસી પડયા. અને એમનું મૂળ કામ દરેકને પાછું આપ્યું.

પણ ત્યારે જ એમને સમજણ પડી કે, સહેલું કામ એ છે, જે બીજો કરે છે તે. અને અઘરું કામ એ છે, જે પોતે કરે છે તે!

આ વાત હમેશને માટે રહેવાની છે. માણસના મન સાથે એ જડાયેલી છે.

[ ૪ ]

# સાધુ અને શયતાન

એક વખત બે જણા રસ્તામાં અચાનક જ મળી ગયા. એક સાધુ અને બીજો શયતાન. સાધુ મહારાજ જેને 'અંચળા સાધુ' કહેવાય, એ જાતના હતા. અંચળો સાધુનો, ભીતર કી જાણે ભગવાન. શયતાન ત્યાં રસ્તામાં એક ખૂબ ઘાયલ થયેલા માણસ તરીકે પડયો હતો. એના માથામાંથી લોહી વહી રહ્યું હતું. માથામાં ઊંડા વ્રણ હતા. એ જાણે મરવાના વાંકે જીવતો હતો. એવી એની અવસ્થા હતી.

સાધુ મહારાજ હતા, અંચળા સાધુ. પણ અજ્ઞાની લોકોમાં એમની પ્રતિષ્ઠા જેવી તેવી ન હતી.

એ બોલે તે દેવવાક્ય ગણાતું. એ આચરે તે ધર્મ મનાતો. એ કહે તે પવિત્ર સત્ય મનાતું. એની કથા એ વેદવાક્યો કરતાં વધુ માનવંતી હતી. એમનું એક

સામ્રાજ્ય હતું. એ સ્વર્ગને, નરકને, પાપને, પુણ્યને, ધર્મદાનને, આચારને અને આ શયતાનને વારંવાર લોકો પાસે રજૂ કરતા રહેતા. અને બધાને ચેતવતા કે જો જો ભાઈ! હું માંડમાંડ શયતાનને, સમાજમાંથી કાઢું છું. ત્યાં તમે કોઈ એના ઝપાટામાં આવી જતા નહિ!



શયતાન અને સાધુ

સાધુ મહારાજને ખબર નહિ કે આ શયતાન પડ્યો છે. એ ઘાયલ માણસ પાસેથી નીકળ્યા. અને પેલા ઘાયલ માણસે અતિશય કરુણ અવાજે કહ્યું: 'હે

સાધુ મહારાજ ! મને મદદ કરો હું ઘાયલ છું. અને મદદ કરો !'

સાધુ મહારાજ, ઊભા તો રહ્યા. પણ એમને થયું કે, આ ચોર હોવો જોઈએ. એને કોઈએ માર્યો લાગે છે. એટલે હવે ભાઈ ઢોંગ કરવા બેઠા છે !

એટલે એમણે તો એના વાકયને નં ગણકારતાં આગળ ચાલવાનું કર્યું.

પણ ત્યાં શયતાન બોલ્યો : ' અરે, સાધુ મહારાજ! મને આંહીં આમ ને આમ છોડીને, તમે કાં જાઓ ? મને મદદ કરો, મદદ કરો. હું તમને ઓળખું છું !'

સાધુ તો એ સાંભળીને થંભી ગયો. આ મને ક્યાંથી ઓળખે ?

એણે જાણ્યું કે વખતે માણસ ગાંડો હશે. એની આંખો ચકળવકળ થાય છે. એટલે એ તો પાછા ચાલતા થયા.

પણ ત્યાં વળી પેલાએ મોટેથી કહ્યું : ' એ સાધુ મહારાજ! તમે આંહીં તો આવો. હું તો તમારો જૂનો દોસ્ત છું. તમે મને આંહીં મરવા છોડી દેશો ?'

એટલે સાધુ મહારાજ શયતાન પાસે ગયા. અને એનો ચહેરો જોવા મંડ્યા કોઈ જાણીતો હોય તેમ

લાગ્યું નહિ. તેમને થયું કે માણસ ગાંડો લાગે છે. એણે કહ્યું : 'મને તું ક્યાંથી ઓળખે ? હું તો તને ઓળખતો નથી !'

પેલાએ મોટેથી કહ્યું : 'હું તમને ઓળખું છું. ને તમે પણ મને ઓળખો છો. આપણે તો છેક જૂના વખતથી દોસ્તો છીએ !'

'આપણે મિત્રો ? કાંઈ ગાંડો થઈ ગયો છે ? તારું નામ શું ?'

'મારું નામ તમે જાણો છો. મારા નામ ઉપર તો તમારો ધંધો ચાલે છે. મારા નામે તો તમે તાગડધિન્ના કરો છો. મારું નામ શયતાન !'

'શયતાન ? અરે ! જા રે દુષ્ટ ! તને તો ધરતીમાંથી કાઢવા માટે હું આકાશપાતાળ એક કરી રહ્યો છું. જા રે દુષ્ટ !' સાધુ મહારાજ ગુસ્સે થઈ ગયા.

'તમે બોલ્યા તે બધું સાચું.' શયતાને ધીમેથી કહ્યું : 'પણ તમે વિચાર કરો, સાધુ મહારાજ ! હું નહિ હોઉં, તો તમે કોને નામે અજ્ઞાનીઓને ભડકાવીને તમારો વેપાર ચલાવશો ? બોલો ! હું નહિ હોઉં તો લોકો મારાથી ઉગરી જવા માટે, તમને સીધાં આપે

છે, ને તમારા લાડુ ચાલતા રહે છે, ને વેજીટેબલિયા ઘીના યજ્ઞો પણ ચાલતા રહે છે, એ બધું ક્યાં હશે ?

'હું હોઈને તો તમારો વેપાર ચાલે છે. જાતઘડતર એ મહાન ધર્મ છે. પોતાના દિલની સાફસૂફીમાંથી, પળપળની જાગ્રતિમાંથી જ, એ આવે છે. ટીલાંટપકાં, આચાર, જાત્રાના ઘોડા, ને કથાવાર્તાના ધાંધલો, ને ગધાસુર જેવાં ભજનો—એ બધાં જ લોકોને બેવકૂફ બનાવે છે—એવી વાત શું તમે કોઈ દિવસ કહી શકવાના છો ? હું છું તો તમારો ધંધો ચાલે છે. હું ઘડીક આચાર બનું. ઘડીક કથા થાઉં. ઘડીક જાત્રા ગણાઉં. ઘડીક દાનધર્મ મનાઉં. ઘડીક પાપપુણ્ય થાઉં. પણ વેવલા વેવલીઓનાં ટોળાં, તમારી પાસે આવે છે, એ મારા પ્રતાપે. મારા પ્રતાપે જ તમારા વિલાસ અને મોજશોખ ચાલતા રહે છે, માટે તમે વિચાર કરો. તમે મને આંહીં મરવા દઈ શકો નહિ. હું શયતાન મરું, તો તમે પણ જીવો નહિ !

પેલાં જોશીએ રાજાને નહોતું કહ્યું કે તમારું મૃત્યુ, મારા મૃત્યુને બીજે દિવસે છે. એટલે રાજા સાહેબે, જ્યોતિષીને જાળવવા, વૈદરાજોની સેના ખડી કરી દીધી હતી. મારી વાત પણ તમારે માટે એવી જ છે. માટે

મને તમે મરવા દઈ ન શકો. વિચાર કરો.'

સાધુ મહારાજ તો, શયતાનની આ વાણી સાંભળીને વિચારમાં પડી ગયા. અને છેવટે એમણે વિચાર કરીને નિર્ણય લીધો કે, આ શયતાન, ઈશ્વરની દુનિયામાં જરૂરી છે. એ છે તો માણસમાં લોભલાલચ સામે થવાનું કેટલું બળ છે, એની ખબર પડે છે. શયતાનનું કામ, લોભલાલચ, મોહ ફેલાવવાનું, માણસનું કામ, એને જીતવાનું. એટલે માણસમાં કેટલું બળ છે, કેટલું આત્મબળ છે, એની ખબર આ શયતાન હોઈને જ પડે!

ને એણે શયતાનને કહ્યું: 'તું પણ દુનિયામાં જરૂરી છે. તું ચાલ મારી સાથે....'

શયતાન તો એમની એ વાત સાંભળીને મોટેથી હસી પડયો. અને હસતાં હસતાં જ બોલ્યો. સાધુ મહારાજ! તમને કેવી સરસ વાચાળતા મળી છે? તમારો શાસ્ત્રનો અભ્યાસ કેવો સરસ છે? મારી જરૂર છે એ તમે કેવું શોધી કાઢયું? ચાલો, તમે મને પીઠે લઈ લ્યો. એટલે તમારા વડે મારું, ને મારા વડે તમારું, દુનિયામાં ટટ્ટુ ચાલ્યા કરશે. ચાલો...'

અને સાધુ મહારાજે, એને પોતાની પીઠ પર ઉપાડી લીધો!

[૫]

# કેટલાક પ્રસંગો

## ચાલે શી રીતે?

શેકસપીઅરના એક નાટકમાં જૂના જોડા સાંધનારો મોજથી ગાય છે કે, હું તો જૂના જોડા સાંધનારો. પણ મારે મારું ધોરણ છે. મારા ટાંકાની તોલે આખા લંડન શહેરમાં કોઈનો ટાંકો ન આવે!

આ છે તો કાવ્ય, પણ એ કાવ્ય પ્રજાના જીવનમાં વણાયેલું છે. એક વખત એક ભાઈ લંડન ગયેલા. એમણે થોડાં કપડાં ત્યાં તૈયાર કરાવ્યાં. પછી ઠરવેલે દિવસે એ કપડાં લેવા ગયા.

બધું બરાબર હતું. એમણે કહ્યું તેમજ હતું, માત્ર કાંઠલામાં થોડો, સહેજ, નહિ જેવો ફેર હતો. એમણે કહ્યું કે બરાબર છે. ચાલશે. આ જરાક ફેર છે

તેનો વાંધો નથી. ચાલશે.

પણ પેલો માણસ, જે કારખાનાનો માલિક હતો, તે તેની સામે જોઈ રહ્યો.

તેણે શાંત અવાજે કહ્યું: 'સાહેબ! ચાલે કેમ? મારા આ કારખાનાની પાછળ એની સો વરસની પ્રતિષ્ઠા બેઠી છે. ચાલે શી રીતે? તમે કોઈ જગ્યાએ ગયા હો, અને ત્યાં આ તમે પહેરેલ હોય, તો બધાના ધ્યાનમાં એ આવે. ને એ વખતે 'આ કોણે સીવેલ હશે?' એમ પ્રશ્ન થાય. તે વખતે મારી આ 'ફર્મ'ની આબરૂ શું રહે? એના કામ માટે, કેવો અભિપ્રાય બંધાય? માટે આપ એ મૂકતા જાઓ. કાલે બરાબર સુધારો થઈને, હવે આપને ઘેરબેઠાં એ મળી જાશે. આપનું સરનામું આપતા જાઓ...'

પોતાના કામનું ધોરણ કોઈ રીતે નીચું પડવું ન જોઈએ, એવી આબરૂ ઉપર જે પ્રજા જીવવા માગતી હોય, તેને માટે આ જેવોતેવો સમજવાનો પ્રસંગ નથી.

## ત્રણ ચકરડી કાઢી લીધી

આજથી લગભગ ચાલીસ વર્ષ પહેલાં હું પહેલ-

વહેલો અમદાવાદ આવ્યો, ત્યારે મારો એક લોઢાનો ખાટલો મારે સમો કરાવવો હતો. એ માટે મને કોઈ કે પ્રમાણિક દુકાન તરીકે, અમુક લત્તામાં એક નામ આપ્યું.

હું તેને ત્યાં ગયો. દુકાનદારનો કરડો ને અપ્રમાણિક ચહેરો ઘણી વાત કહી જતો હતો. છતાં મેં તેના ઉપર ભરોંસો રાખી તેને ખાટલો સોંપ્યો. એના ચાર પાયામાંથી ત્રણ પાયાને ચકરડીઓ હતી. કે જેથી ફેરવવામાં ઠીક સુગમતા રહેતી. મેં એને કહ્યું કે ચોથી ચકરડી નાખી શકાય તેમ,હોય તો બરાબર ઠીક થઈ જાય.

તેણે જવાબ વાળ્યો. એમ થશે તો એમ, નહિતર તમને અડચણ નહિ પડે તેમ કરી દઈશું ! એના વચન ઉપર વિશ્વાસ રાખીને હું ઘેર ગયો.

ઠરાવેલે સમયે એને ત્યાં ગયો તો દુકાન બંધ હતી. બીજી વખત ગયો, માલિક ન હતો.

ત્રીજી વખત ગયો, બે દિવસની વાર હતી.

બે દિવસ પછી ગયો. એણે એક દિવસ પછી આવવાનું કહ્યું.

એક દિવસ પછી ગયો.. એટલે ખાટલો તો પાછો

આપ્યો. ઠીક કરી આપ્યો હતો. પણ એક નવી ચકરડી નાખવાને બદલે, ત્રણે ચકરડીઓ કાઢી લીધી હતી !

મેં કીધું, ‘ અરે ! ભલા માણુસ, પેલી ત્રણ ચકરડીઓ લઈ લીધી, નાખવાને બદલે ? ’

તેણે બેદરકારીથી જવાબ વાળ્યો : ‘ અમે તો તમે કહ્યું તેમ કર્યું. ખાટલો હવે ચારે પાયે સરખો થઈ ગયો છે ! ’

મેં કહ્યું : ‘ ત્યારે એ ત્રણ ચકરડીઓ તો પાછી આપો ! ’

એણે કહ્યું : ‘ એને નકામીને તમે શું કરશો ? એ તો છોકરાં રમવા ઉપાડી ગયાં. મને શી ખબર કે, તમારો જીવ આવો ટૂંકો હશે, નહિતર સાચવત ! ’

આ વાત કેવી વિચિત્ર હતી. પણ કારીગરના આ સ્વભાવ ઉપર કાંઈ બોલવું એ નકામું હતું.

ધોરણબંધી માલ, જો પરદેશથી તૈયાર થઈને આવતો હોય, તો ભાગ્યે જ આપણા કારીગર જીવે ! એટલી બધી પ્રમાણિક ધોરણની વાત પરદેશમાં છે. આપણે ત્યાં ધોરણ જ નથી.

## બધી ભેટ પડી રહી

એક વખત એવું બન્યું કે એક ગીતાનો કથા કરનારો મુંબઈમાં આવ્યો.

એની કથા કરવાની રીત ઘણી જ સુંદર.

લોકો તો મુગ્ધ થઈ ગયા. કામ કરવું, ફળ ભગવાન આપશે જ. આ વાત એવી તો સુંદર રીતે સમજાવે કે માણસો ડોલી જાય.

એણે આશા રાખેલી કે, છેવટે બે–ચાર માણસો એવાં નીકળશે જેમને જીવન આ રીતે ઘડવાનું મન થશે, તો કથા સાર્થક થશે, આપણું જીવન સાર્થક થશે, કારણ કે એ સત્યનિષ્ઠ કથાકાર હતો, લેભાગુ નહિ.

કથા પૂરી થઈ. લોકો તો એના ઉપર એવા મુગ્ધ થઈ ગયેલા કે ભેટ સોગાદોનો તો વરસાદ જ વરસવા માંડ્યો. પણ કથાકારનું દિલ તો આ જોઈને ખાટું થઈ ગયું. એનું મન ઝાંખું પડી ગયું.

પોતે બીજે દિવસે સવારે પ્રયાણ કરવાના છે, એ વાત થઈ ગઈ. ભેટ સોગાદો આપીને લોકો રાજી થયા.

પોતે કથા બરાબર સાંભળી ને એનો બદલો પણ બરાબર વાળ્યો. એવી વાતથી પુણ્યકામ થઈ ગયું. એવી અનની માન્યતા ધરાવતા સૌ ઘેર ગયા.

અને બીજે દિવસે, પાછા વિવેકની ખાતર પણ મહારાજને મળવા માટે ત્યાં આવ્યા. ભેટોનો પણ ઢગલો થવા માંડ્યો.

પણ એમના ભારે આશ્ચર્ય વચ્ચે એમણે જોયું કે એમણે આપેલી બધી જ ભેટસોગાદો તો ત્યાં પડી રહી હતી. ને સાધુ મહારાજ તો વહેલા ઊઠીને ત્યાંથી ચાલ્યાં ગયા હતા !

લોકો તો સાધુ મહારાજનાં વખાણ કરતા ને એનામાં ગાંડપણનો અંશ પણ જોતા હતા. વાતો કરતા બધા પોતપોતાને ઘેર ગયા.

અને મહારાજે કથા ભારે સરસ કરી, એમ કેવળ વાતો કરતા રહ્યા. સમજ્યા કાંઈ નહિ.

બીજો કથાકાર આવે તો પાછા એ દોડવાના હતા !

પણ કથામાંથી કાંઈ વાત જીવનમાં ઉતારવાની છે, એ વાત તો કોઈ સમજ્યા જ નહિ.

[ ૭ ]

## પુસ્તકની કિંમત

એક વખત એવું બન્યું, મુંબઈના એક બુકસેલરે મને વાત કરી કે, પુસ્તકોની કિંમત માત્ર યુરોપિયન જ જાણે છે ને યુરોપિયન જ એનો લાભ ઉઠાવે છે. આપણે ત્યાં તો કોઈ પુસ્તક સારું હોય તો સૌ વખાણે ને બે હાથ જોડીને જે જે કરે, હસતાં હસતાં એટલું જ. આપણે ત્યાં દાંત દેખાડી દો એટલે ઘણું થઈ ગયું!

મેં કહ્યું : 'તમને કોઈ એવો કિસ્સો યાદ છે, જેમાં આ તમે કહો છો, તેવી પુસ્તકની કદર કોઈએ કરી હોય?'

એણે કહ્યું : 'હોવે, કેમ નહિ. ઘણી વાતો યાદ છે. પણ એક વાત બરાબર યાદ છે. એક વખત મારી પાસે એક જૂના વખતનું પુસ્તક આવી ગયું. પુસ્તક કિંમતી હતું, પણ એના જાણકાર માટે: બીજા માટે નકામું.

એક વિદ્વાન આવ્યા. તેણે પુસ્તક જોયું. કિંમત પૂછી. મેં કહ્યું : 'સો રૂપિયા!'

'સો રૂપિયા?'

'પુસ્તક કિંમતી છે. જેને ખપનું હોય તેને માટે

ઘણું જ કિંમતી છે!'

'પોણોસોમાં પતાવશો?'

મેં કહ્યું: 'ના સાહેબ!'

એટલે એ ગયા. થોડી વાર થઈ અને એક જર્મન વિદ્વાન આવ્યો. એણે આ પુસ્તક જોયું. ને તરત ઉપાડ્યું.

'શું કિંમત?' એણે પૂછ્યું.

મેં કહ્યું: 'ત્રણસો!'

એક પણ શબ્દ બોલ્યા વિના એણે સો સોની ત્રણ નોટો સામે ધરી દીધી. ને બિલ પણ લીધા વિના એ તો ચાલ્યો જ ગયો!

એનું નામ પૂછવાનું પણ રહી ગયું! સાંજે પેલા વિદ્વાન ફરતા ફરતા આવ્યા: 'ઠીક લાવો ત્યારે, એંશીમાં પતાવીએ!'

મેં કહ્યું: 'પણ સાહેબ! પુસ્તક તો ઊપડી ગયું!'

'ઊપડી ગયું? કોણ ઉપાડી ગયું?'

'કોઈ જર્મન વિદ્વાન હતો!'

'નામ?'

'એ પણ જાણવાનો વખત રહ્યો નથી.'

'અરે! તમે દેશનું એક અણમોલ ધન, બીજે મોકલી દીધું!'

અને વિદ્વાન અફસોસ કરતા ચાલ્યા ગયા.

આપણા દેશનાં જૂનાં પુસ્તકોનો આપણે લાભ ઉઠાવ્યો નથી. એમાંથી જ્ઞાન પણ મેળવ્યું નથી. દેશને એમાંથી નુકસાન થાય છે.

[૮]

## મધ્ય દરિયે વહાણ ડોલ્યું

એક વખત એક વહાણ મુસાફરી કરે. તેમાં કેટલાક મુસાફરો હતા. રસ્તામાં અચાનક ભયંકર તોફાન ઊપડ્યું. ડુંગરાને ડુબાડે એવાં મોજાં ઉછળવા મંડયાં. મરે તો હમણાં જ બધાં મરે, એવું થઈ ગયું.

મુસાફરો ગભરાઈ ગયા. નાવિકો જીવનમૃત્યુનો જંગ ખેલવા માંડ્યા. પણ દરિયાનું રૂપ જ બદલાઈ ગયું. એણે ભયંકર રૂપ ધારણ કર્યું હતું.

એ વખતે મુસાફરો કોઈ રોવા મંડ્યા. કોઈ પ્રાર્થના કરવા માંડ્યા. કોઈ બચ્ચાંને પકડીને આંસુ

સારવા મંડયા. કેટલાકે ભેંકડા શરૂ કર્યા. સ્ત્રીઓમાં રોકકળ થઈ પડી.

કોઈ કોઈને વળગી પડયા. માત્ર એ બધા મુસાફરોમાં એક જ મુસાફર એવો હતો, જે ડોલતા ડુંગર જેવાં મોજાં જોવા માટે, તુતક ઉપર શાંત બેઠો હતો. ને ચારે તરફ કાંઈ ન હોય તેમ, ભયંકર દરિયાને મીટ માંડીને જાણે પી રહ્યો હતો! જાણે એને સમાધિ લાગી હોય! કોઈ બીજી વાતની એને કાંઈ અસર જ ન હતી.

ઈશ્વરકૃપાથી વહાણ બચી ગયું. તોફાન શમી ગયું. બધા આનંદ ચેનમાં આવી ગયા. સૌ એક બીજાને અભિનંદન આપવા મંડયા.

ને કાંઠે ઊતરીને પોતપોતાનાં સગાંવહાલાંને માંડ ઉગરી ગયાની વાતો કરતા ઘેર પણ પહોંચી ગયા.

એ વાત પણ દુઃસ્વપ્ન જેમ ભુલાઈ ગઈ.

છ એક મહિના પછી, એક પ્રદર્શન ભરાયું. તેમાં એક ચિત્ર હતું. એ ચિત્રમાં કોઈએ દરિયાના ભયંકર રૂપને એવું તો આબેહૂબ ચિતરી બતાવ્યું હતું કે, ત્યાંથી જોવાવાળા ખસે જ નહિ.

દરિયો જાણે સજીવન હોય તેમ પોતાનો ભયંકર ચહેરો એમાં દેખાડતો હતો.

એમાં એવી રંગપૂરણી હતી. એવી દૃષ્ટિ હતી. એવી સાચે સાચી વાતહતી. જોનારા તો એ ચિત્ર જો જ રહ્યા.

એ દરિયાનું રૌદ્રરૂપ પી જઈને, એને પ્રગટ કરનારો સમાધિયોગી બીજો કોઈ ન હતો. પ્રખ્યાત ચિત્રકાર હતો. એનું નામ ટર્નર. એ યુરોપમાં થઈ ગયો.

૨

[૯]

# નિમાઈ પંડિત

ભગવાન ચૈતન્ય બંગાળામાં થઈ ગયા. એમનાં ભજનો પ્રસિદ્ધ છે. નરસિંહ મહેતા જેવા એ ભક્ત હતા.

જે સમયની આ વાત છે, તે સમયે ભગવાન ચૈતન્ય હજી ભણતા હતા. મહા વિદ્વાન ગણાતા. અને એમની વિદ્યાની અત્યંત પ્રશંસા થતી. એ વખતે એમનું નામ હતું નિમાઈ. પંડિત નિમાઈ. એ વખતે એ નવદ્વીપની વિદ્યાશાળામાં અભ્યાસ કરતા હતા. એમની સાથે બીજા એક ભણનારા હતા. નામ પંડિત રઘુનાથ.

આ પંડિત રઘુનાથ અને પંડિત નિમાઈ, એ બન્ને શિષ્યોને જોઈને, એમના ગુરુઓ પણ આનંદ પામતા. નવદ્વીપની વિદ્યાશાળા, એમને બન્નેને મહા વિદ્વાન ગણતી.

પણ એક પ્રસંગ એવો બન્યો કે પંડિત નિમાઈ જે વિખ્યાત વિદ્વાન હતા, તે આ પ્રસંગથી, એક અદ્ભુત મહાન પુરુષ તરીકે પ્રસિદ્ધ થઈ ગયા.

એક વખત એવું બન્યું કે, પંડિત રઘુનાથ, પંડિત નિમાઈને મળવા ગયા. પંડિત નિમાઈ, એ વખતે પોતાની અભ્યાસ કોટડીમાં બેઠા બેઠા એક પુસ્તક લખે. પંડિત રઘુનાથ, અવાજ કર્યા વિના જ અંદર ગયાં. જુએ છે તો પંડિત નિમાઈ પોતાના કામમાં તલ્લીન છે. પુસ્તક લખે છે.

પંડિત રઘુનાથે એમને પૂછ્યું: 'આ તમે શું લખી રહ્યા છો? શાનું પુસ્તક છે?'

'હું લખી રહ્યો છું, ન્યાયનું પુસ્તક.' પંડિત નિમાઈએ જવાબ વાળ્યો.

નિમાઈ પંડિતનું એ પુસ્તક પંડિત રઘુનાથે વાંચવા લીધું.

અને એ વાંચતાં તો એમનું મન ડોલી ઉઠ્યું. શું સુંદર પુસ્તક હતું? પણ એક બીજી વાત પણ એમના મનમાં આવી ગઈ. પોતે પણ એક પુસ્તક લખી રહ્યા હતા. એ પુસ્તક પણ ન્યાયનું હતું. પણ પોતાનું એ

પુસ્તક, આ પુસ્તક પાસે, કાંઈ હિસાબમાં ન હતું. એથી પંડિત રઘુનાથનું મન જરાક ખેદ પામી ગયું. પોતાનું પુસ્તક તો, આ પુસ્તકની પાસે, હીરાની પાસે કાચ હોય તેવું હતું!

આ વિચાર રઘુનાથ પંડિતના મનમાં ઘોળાવા મંડયો. અને એનો આનંદ ઊડી ગયો. પોતાની વિદ્વાન તરીકેની કીર્તિ હવે ધૂળમાં મળી જતી હતી. આ નિમાઈ પંડિતનું પુસ્તક બહાર પડે, એટલી જ વાર હતી. એ વિચારથી એનું મન ઉદાસ થઈ ગયું. ચહેરા ઉપર એ ઉદાસીનતા છવાઈ ગઈ.

નિમાઈ પંડિતે પોતાના પુસ્તકમાંથી ઊંચી નજર ફેરી. રઘુનાથ પંડિતનો ચહેરો લેવાઈ ગયેલો દીઠો. એમને થયું કે, ગમે તે કારણ હોય, પણ આ પોતાનું પુસ્તક વાંચ્યા પછી, પંડિત રઘુનાથ ખેદ પામ્યા હતા. એ વાતને તરત સમજી ગયા. પોતાનું પુસ્તક પ્રગટ થાય તો, રઘુનાથ પંડિતની કીર્તિને મોટો ધક્કો પહોંચે. બધી મારામારી કીર્તિની હતી.

અને ત્યાં તો પંડિત રઘુનાથ બોલ્યા: ‘નિમાઈ પંડિત! તમે આ પુસ્તક પૂરું કરીને જલદી પ્રગટ કરો.

તમને એવી કીર્તિ મળશે કે દેશભરના વિદ્વાનોમાં તમે માર્ગ મુકાવશો !'

'પણ કીર્તિને, રઘુનાથ પંડિત ! હું ક્યાં સાચવું ? કીર્તિને મારે શું કરવી છે? એટલે આ મારું પુસ્તક તો હજી લખાયા જ કરશે. એ પ્રગટ તો થાય કે વખતે ન પણ થાય !'

પણ રઘુનાથ પંડિતનું મન આટલી વાતથી શાંતિ પામ્યું નહિ.

આ પુસ્તક પ્રગટ તો થવાનું જ. એ મનમાં વિચારતા રહ્યા.

એ વખતે તો નિમાઈ પંડિત કાંઈ વધારે બોલ્યા નહિ. પણ રઘુનાથ પંડિતના મનનો ખેદ એ પામી ગયા હતા.

થોડા દિવસ પછી એક વખત બન્ને મિત્રો ગંગા કિનારે ફરવા ગયા. એ વખતે નિમાઈ પંડિત, પેલું પોતાનું પુસ્તક સાથે લેતા આવ્યા હતા.

એમાં જોતા જાય છે ને વિચાર કરતા જાય છે.

રઘુનાથ પંડિતે એમને પૂછ્યું પણ ખરું, તમે આ

પુસ્તકને બધે જ સાથે ફેરવો છો, એમ શું કરવા?'



'કોઈ નવો વિચાર આવે તો તરત એ ક્યાં મૂકવો તેની નોંધ મનમાં થઈ જાય માટે હું આ પુસ્તક સાથે ફેરવું છું. મારે આ પુસ્તકને એવું સરસ બનાવવું છે!'

'અને એ સરસ છે જ...' પંડિત રઘુનાથે કહ્યું.

'ના. સરસ તો હવે થશે...' પંડિત નિમાઈ બોલ્યા.

પણ એ બધો વખત એમના મનમાં તો પંડિત રઘુનાથનું દુઃખ દેખાતું હતું. એમને શોક થતો હતો. પોતાની કીર્તિ ભુંસાઈ જશે, એની વેદના હતી. નિમાઈ પંડિતના દિલમાં એમની આ બધી દુઃખની વાત અસર કરી ગઈ.

છેવટે ફરતા ફરતા બન્ને ગંગાજીના કિનારે આવ્યા. નિમાઈ પંડિતે, એટલી વારમાં, પોતાના મન સાથે નિશ્ચય કરી લીધો. તે કિનારા પાસે જ ઊભા રહી ગયા. નીચે પગ પાસે ગંગામાતાનાં અગાધ જળ વહી રહ્યાં હતાં.

તે અચાનક જ બોલ્યા: 'રઘુનાથ પંડિત! કાલે તો મને ગંગામૈયા સ્વપ્નામાં આવ્યાં હતાં.'

‘ ખરેખર ? ’

‘ હા, ખરેખર. અને મને કહ્યું કે, તું મને શું ભેટ આપવાનો છે ? ’

‘ પછી તમે શું કહ્યું ? ’

‘ મેં કહ્યું, માતાજી ! હું તમને બીજી તો શું ભેટ આપું ? મારી પાસે શું છે ? આ એક પુસ્તક છે, જીવનની કમાણી જેવું, તે તમને ભેટ આપી દઉં ! ’

‘ કયું પુસ્તક ? ’ રઘુનાથ ચમકી ગયો: ‘ કયા પુસ્તકની વાત કરો છો ? ’

‘ બીજું કયું પુસ્તક ? આ ...પુસ્તક છે, તે જ ... અને એ માતાને ભેટ આપવાનું મેં કહ્યું છે. ’

‘ અરે ! અરે ! ’

પણ રઘુનાથ તો બોલતો રહ્યો અને પંડિત નિમાઈએ પોતાનું સરસ પુસ્તક, એ દેખે તેમ, ગંગામાતાના જળમાં ફેંકી દીધું !

‘ અરે ! નિમાઈ ! નિમાઈ ! આ તો તમે પુસ્તક ફેંકી દીધું ! ભારે થઈ ! ’

પણ કાંઈ ન હોય તેમ નિમાઈએ કહ્યું : ‘ પંડિત

રઘુનાથ! મહા વિદ્વાન તમે છો. ને તમારું પુસ્તક જ શ્રેષ્ઠ રહેવું જોઈએ. તમે મહા વિદ્વાન રહો તે શોભે. મારાથી તો આ વિદ્યાનો ભાર વેઠાતો ન હતો. અને તેમાં તમે કહ્યું કે, આ પુસ્તક કીર્તિનો ભાર પણ આપશે, ત્યારથી જ મને થયું હતું કે આ ભારથી છૂટા થઈ જવું!'

પરંતુ કીર્તિને પણ કેવળ રાખ ગણનાર, એક મહાન પુરુષની પાસે પોતે ઊભો છે, એ ભાન થતાં પંડિત રઘુનાથ વિનમ્ર બનીને પંડિત નિમાઈની સામે જોઈ જ રહ્યો. પોતે વિદ્વાન હતો. પણ પંડિત નિમાઈ તો મહાન પુરુષ હતા.

[૧૦]

## દુર્ગાદાસની ઉદારતા

ઔરંગઝેબના બંડખોર પુત્ર અકબરને, દુર્ગાદાસે આશ્રય આપ્યો હતો. એ અકબર છેવટે ઈરાન નાસી ગયો. પણ પોતાનો એક શાહજાદો ને એક શાહજાદી દુર્ગાદાસ પાસે મૂકતો ગયો.

શાહજાદીનું નામ સુફીતુન્નીસા બેગમ.

દુર્ગાદાસની પાસે અકબરનાં આ બે સંતાન હતાં. દુર્ગાદાસે વિચાર્યું કે આવા ખડતલ યુદ્ધમાં, આ બિચારી શાહજાદી મરી જશે. એ ઉપરથી એણે બાદશાહને કહેવરાવ્યું. ખાતરી આપવામાં આવે તો એ પોતે શાહજાદીને મૂકી જાય.

પણ બાદશાહને તો પોતાના બળમાં વિશ્વાસ હતો. એણે દાદ આપી નહિ. દુર્ગાદાસને ચારે તરફથી ભરડો લીધો. ઈશ્વરીદાસ નામે એક વિશ્વાસુ સેનાપતિ હતો.

બાદશાહને એના ઉપર વિશ્વાસ હતો. દુર્ગાદાસે એને કહેવરાવ્યું. આ ડુંગરનાં પાણી પીપીને, જો બાદશાહ-જાદી જીવન ગુમાવી દેશે, તો અમને કાળી ટીલી લાગી જશે. શાહજાદીના ઓઠા નીચે અમારે કોઈ કામ કરાવવું નથી. એમાં તો યુદ્ધ લાજે. માટે બાદશાહી વચન મળે તો શાહજાદીને હું સોંપી દઉં.

છેવટે બાદશાહે વાત કબૂલ કરી. શાહજાદી આવી. ઔરંગઝેબ બાદશાહ ત્યારે અમદાવાદમાં હતો. દુર્ગા-દાસ અમદાવાદમાં આવ્યો ને શાહજાદીની સોંપણી ઈશ્વરીદાસને કરી.

આ શાહજાદી વર્ષોથી બહાર હતી. એને ધાર્મિક શિક્ષણ કોણે આપ્યું હોય? પણ જ્યારે શાહજાદીએ કહ્યું કે, દુર્ગાદાસે પોતે જ, એને ધરમનું શિક્ષણ આપવા માટે, ખાસ અજમેરથી એક નેક દિલની બાઈને બોલાવી હતી અને એણે કુરાનમાંથી વચનો બોલવાં શરૂ કર્યાં ત્યારે બાદશાહના અચંબાનો પાર રહ્યો નહિ!

એને દુર્ગાદાસની માનવતાએ ભારે અસર કરી.

અને બાદશાહે ઈશ્વરીદાસ મારફત જ, દુર્ગાદાસને સલાહનું કહેણ મોકલ્યું. અને એમાં એને હરેક

પ્રકારની મદદ આપવાનું વચન આપ્યું. એની મેડતાની જાગીરનો પણ, એ કહે તેમ નિકાલ કરવાનું કહેવરાવ્યું.

ગમે તેમ દુર્ગાદાસની આ માનવતાથી એક પળભર તો ઔરંગઝેબ જેવા બાદશાહના દિલમાં પણ ઇન્સાનિયત જાગી ગઈ!

[ ૧૧ ]

# દેડકીની ડાહી વાત

વરસાદ પડ્યો. ખાડા–ખાબોચિયાં પાણીથી ભરાઈ ગયાં. ઝીણી બુંદે પડવાનું, ન પડવાનું એણે ચાલુ રાખ્યું. વાદળ ઘટાટોપ થયાં હતાં. વીજળી ચમકી રહી. રાત્રે તો એ વધારે ચમકવા લાગી.

આ જોઈને દેડકાઓનું 'ડ્રાંઉં' 'ડ્રાંઉં' શરૂ થઈ ગયું. કાને પડ્યું ન સંભળાય, એવો ઘોંઘાટ એમણે શરૂ કર્યો. ચારે તરફ 'ડ્રાંઉં' 'ડ્રાંઉં' જ ચાલ્યું. એમના મનથી એ વર્ષાઋતુનું ગાન ગાઈ રહ્યાં હતાં. પણ એટલામાં તો 'ડ્રાંઉં' 'ડ્રાંઉં'ના ઘોંઘાટથી કાંઈ કાને પડ્યું સંભળાતું ન હતું.

આખી રાત એમનું 'ડ્રાંઉં' 'ડ્રાંઉં' ચાલ્યું. સવાર પડી ને શાંતિ થઈ, ત્યારે ડાહ્યા દેડકાએ દેડકીને કહ્યું: 'આપણે તો ઠીક, કાંઈ કામ ન હતું, પણ

આપણા આ ઘોંઘાટથી, સામે વસનારા માણસો ત્રાહ્ય ત્રાહ્ય પોકારી ગયા છે. એટલો બધો ઘોંઘાટ આપણે કર્યો છે. માણસો આપણા અવાજથી ત્રાસી ગયા છે!'

દેડકી ડાહી હતી. તેણે કહ્યું: 'તમે પણ ઠીક હાંકયું છે! એમ કરીને તમારે મને બોલતી બંધ કરવી છે, પણ એ માણસોને તમે કયાં ઓળખ્યાં નથી? એ આપણા કરતાં હજારગણો ઘોંઘાટ કરે છે!'

'મેં તો કોઈ દી સાંભળ્યો નહિ!'

'તમે કયાંથી સાંભળો? એમના વિવાહ આવવા દો તો. આકાશ ફાડી નાખે એવા ઘોંઘાટ માણસો કરી મૂકે છે. આ તે કાંઈ માણસ જાત છે? આપણા વિવાહમાં તમે કોઈ દી ઘોંઘાટ જોયો?'

'તને તો માણસ જાત પ્રત્યે કાંઈક નફરત થઈ ગઈ લાગે છે!'

'તો તમને માણસો પ્રત્યે બહુ હેત ચૂઈ જાતું હોય, તો કોક વખત જોજો ને, એના કોઈક રાજદ્વારી નેતા ભાષણ કરવા આવે ત્યારે કાં કો'ક ધરમનો ઝંડો ફરકાવતો આવે ત્યારે. તમારા કાન ફાટી જાય એવા

ઘોંઘાટમાં એ કૈંની કૈં વાતો કરતા હશે. જે વાતો બધી ખોટી, પોલી, ને ગોળ ગોળ! એ વખતે એનો ઘોંઘાટ



છેક આકાશ સુધી પહોંચે છે. એના કરતાં તો આપણો આ ઘોંઘાટ સારો કે, જેમાં એક જ સાચી વાત આવે.

કે વર્ષા ઋતુ આવી છે ને અમે એને વધાવીએ છીએ. અરે ! એક વખત હું એવા ભાષણિયાઓમાં ભૂલી પડી ગઈ, તો શું ઘોંઘાટ? ને એક પછી એક ઊભા થાતા જ આવે. એનો આરો જ નહિ. બધા જ બોલવાના રસિયા. એકના અવાજ કરતાં બીજાનો અવાજ ચાર ચંદરવા ચડે એવો! બીજું તો ઠીક, આપણી પેઠે કોક વખત એ ઋતુંઓનો આનંદ પ્રગટ કરતા હોય ! પણ એમાંથી કયો ભાઈ ઋતુને જ ઓળખતો હોય? મને લાગે છે, આ ધમાલિયા માણસો, ધીમે ધીમે ઋતુ તો ઠીક, પણ છોકરું આ પોતાનું છે કે કોકનું, એ પણ ભૂલી જવાના છે! એ બધા માને છે કે જેટલો ઘોંઘાટ વધારે તેટલી શક્તિ વધારે. કામ વધારે.

'હું તો આ માણસોના ઘોંઘાટથી ત્રાસી ગઈ છું! ને તમે ઊલટું જ હાંકો છો કે, આપણો ઘોંઘાટ એમને નડતો હશે!'

દેડકો સજ્જન હતો, તે બોલ્યો: 'તું કહે છે તેમ હોય, તોપણ, આપણે સારપ બતાવવી જોઈએ. આજ રાતે આપણે શાંત રહીએ!'

દેડકીએ કહ્યું: 'ભલે, પણ, જો જો હો! માણસને

એ નહિ ગમે. ઘોંઘાટ તમે તો પાંચ પંદર દી કરો છો. પણ એ બધા ત્રણસો ને પાંસઠ દિવસ કરે છે!'

પણ આ સજ્જન દેડકાની વાત બધે સંભળાઈ ને તે દિવસે દેડકાંઓ બોલ્યાં નહિ, એટલે દેડકીઓ પણ બોલી નહીં ને શાંતિ પથરાઈ રહી. એમ ને એમ ત્રણ રાત વીતી ગઈ. જાણે દેડકાં જ મળે નહિ.!

પણ એમાંથી તો વિચિત્ર વાત બની. હમેશાં છ આઠ કલાક વાતો કર્યા વિના, જેમને અનાજ કોઠે પડે નહિ, એવી ડાહી ડાહી, અતિશય ડાહી વાતો કરવા માટે નીકળતી, આસપાસની બધી જ બૈરીઓ મુંઝાઈ ગઈ. એ બધી વાતો કરવા માંડી કે, ત્રણ રાત થયાં નથી દેડકાંનો અવાજ આવતો, કે નથી કોઈનું લાઉડ-સ્પીકરનું ભાષણ આવતું, કે નથી કોઈ સીનેમાનાં ગીતો સંભળાતાં! એટલે આ તે દુનિયાને થયું છે શું? ઘોંઘાટ વિના આપણે તો મરવા પડયાં છીએ, ને એ બધા અતિ ડાહ્યલાઓ, એકદમ મૂંગા થઈ ગયા છે. અરે! ઘોંઘાટ ને અવાજ વિના તો આપણે મરી જઈશું! છેવટે કોઈ ન બોલવાનું હોય તો આપણા છોકરાંઓને કહો કે, બે–ચાર ગધેડાં આ તરફ રાતના ધક્કેલે!

બાકી આપણે તો ઘોંઘાટ જોઈએ ને જોઈએ! એના વિના તો મરવાં પડ્યાં છીએ!'

પેલા દેડકાએ આ સાંભળ્યું ને એ લપાઈ ગયો. પણ એની શાણી વહુ, ડાહી દેડકીએ, એને તરત જ સંભળાવ્યું કે, 'કાં મિસ્તર દેડકરામ! માણસને હવે તો સમજ્યા કે હજી પણ નથી સમજ્યા?

'અલ્યા સમજો કે, માણસોએ તમારા કરતાં દુનિયા વધારે જોઈ છે. સમજે છે કે ઘોંઘાટ નહિ કરો, તો કોઈ ઓળખશે પણ નહિ! ને ઘોંઘાટ કરશો તો સૌ માનશે કે કામ થાય છે. એમની દુનિયામાં, અવાજ, અવાજ, અવાજ ને ઘોંઘાટ, એ જ કામની પારાશીશી છે. એને માટે થઈને આપણે મૂરખાં દેડકાં, આપણું આનંદ ગીત ગાવાનું ભૂલી ગયાં! કેવાં આપણે?'

આ મેંડકરાજ ને એની પત્નીની વાત એક ડાહ્યો દેડકો સાંભળતો હતો, તે આ સાંભળીને બોલી ઊઠ્યો: 'આપણે માણસોની ચિંતા કરો મા. એમને તો આપણા અવાજો સંગીત જેવા લાગતા હશે. એમનાં લાઉડ-સ્પીકર ગીતો, વિવાહ વખતે એ બધા મૂકે છે, એ ત્રણ માઇલના ઘેરાવાને અવાજથી ભરી દે છે! તેના કરતાં

તમારાં આ ગીત કાંઈ ખોટાં નથી.

'હવે આવી મફતિયા ફિલસૂફી ડોળતાં નહિ.

અને તે રાત્રે મેં ડેક-મંડળે, ડ્રાંઉં ડ્રાંઉં શરૂ કરી દીધું અને આસપાસના માણસો ખુશખુશાલ થઈ ગયાં!

[૧૨]

# સિંહ અને પતંગિયું



એક સિંહ અને એક પતંગિયું બન્નેની વચ્ચે તફાવત આકાશ પાતાળ જેટલો; પણ એક વખત એ જંગલમાં અચાનક ભેટી ગયાં ને કોણ જાણે કેમ એમની

વચ્ચે તકરાર જામી પડી.

તકરાર તો હતી ભૂખ જેવી વાતની, પણ તકરારો હમેશાં ભૂખ જેવી વાતમાંથી જન્મે છે. સિંહ બોલ્યો: 'હું બળવાન છું. હું જંગલનો રાજા છું.' પતંગિયું આમ તો આ વાત મૂંગે મોંએ સ્વીકારીને પોતાના ફૂલ-વનમાં ચાલ્યું ગયું હોત. પણ આજે કોણ જાણે કેમ, એ પણ વેગમાં આવી ગયું અને બોલ્યું કે, તમે વનના રાજા ભલે કહેવાઓ—પણ આખી દુનિયા જાણે છે, બળવાન તો પતંગિયું છે, સિંહ નહિ.

સિંહ તો આ સાંભળીને હસી જ પડચો: 'અરે!' એ બોલ્યો, 'તારા જેવું મિથ્યાભિમાની પ્રાણી મેં કોઈ જોયું નથી. તને મારતાં પણ હું શરમાઉં, એટલું બધું તું નિર્માલ્ય છે અને છતાં તું કહે છે તું બળવાન છે? જરાક વિચારીને બોલ!'

પતંગિયાએ જવાબ દીધો: 'હું રંગ બેરંગી ફૂલોમાં વસનારું કુદરતનું જાણે એક રમકડું છું. દુનિયા આખી જાણે છે કે, ત્રાડ દેવામાં કાંઈ પરાક્રમ નથી અને પડચા પડચા ઘોરવામાં કાંઈ બળ નથી. એટલે બળવાન હું છું. ત્રાડ ભલે તમારી મોટી હો!'

સિંહને તો એ સાંભળીને ગુસ્સો ચડી ગયો પણ આવા નિર્માલ્યને પોતે શું મારે? એમ જાણીને એણે એને કહ્યું : ‘ જો પતંગિયા ! તું બહુ મિથ્યાભિમાન કરીશ તો મારે તને મારવું નથી, પણ તારા બધાંય ફૂલોને તો હું રફેદફે કરી નાખીશ. પછી તું બેસજે જઈને ફૂલો ઉપર ! ’

પતંગિયું પણ આજે તાનમાં હતું. એ હાર્યો દા લેવામાં માનતું ન હતું. તેણે કહ્યું : ‘ મૃગરાજ ! રફેદફે તો એક નાનકડું પાડરડું પણ કરી શકે. રફેદફે કરવામાં શું એવું મોટું પરાક્રમ હતું ? પણ મારામાં જે તાકાત છે, તે તમારામાં નથી. સૌ લોકો ડરે છે, વીજળીથી, પણ પૂજે છે તો વરસાદનાં ટીપાંને. તમે ભલે વીજળી જેવા રહ્યા. હું તો વરસાદના ટીપા જેવું છું ! ’

એમનો આ સંવાદ કોણ જાણે ક્યારે અટકત, પણ એટલામાં ભોગજોગે, એક દીપક ત્યાંથી નીકળ્યો. તેણે બેયની વાત સાંભળી અને પછી સિંહને કહ્યું : ‘ એમાં કોણ બળવાન છે એ તો કસોટી આવ્યે ખબર પડે. મોટા તમે, પણ બળવાન પતંગિયું ! ’

‘ પતંગિયું બળવાન ? તું પણ અલ્યા ! એમ

કહે છે?' સિંહે ત્રાડ મારીને કહ્યું.

દીપક બોલ્યો : 'એમાં ત્રાડનું કામ નથી. ગર્જના એ બળ નથી. જુઓ, ત્યાં દવ પ્રગટ્યો છે. તમે આ જંગલમાં ખૂબ મજા કરી છે. એ દવમાં સોંસરવા નીકળીને, જવાની હિંમત રાખો છો?'

'એવું કામ તો મૂરખ હોય તે કરે!'

'હવે ત્યારે જુઓ પતંગિયું! એમ કહીને એણે પતંગિયાને કહ્યું : 'તું મારી પાર જઈ શકે છે? દવમાં ભલે સિંહરાજ ન જતા!'

પણ દીવો એમ બોલ્યો ન બોલ્યો, ત્યાં તો પતંગિયાએ પોતાની જાત જ એમાં હોમી દીધી.

પણ દીપકનો આ ન્યાય સાંભળીને સિંહ તો એને મૂરખ જ ગણતો રહ્યો. દીપકે જતાં જતાં કહ્યું : 'મૃગરાજ! જે જાતને હોમી દે છે, એ બધાની બહાદુરીનાં ગાન દુનિયા ગાય છે. આ પતંગિયું એ વર્ગનું છે. તમે ઘણાને મારી શકો ખરા, પણ જાતને હોમી ન શકો. એ કામ પતંગિયાનું. માટે બળવાન એ...!

[ ૧૩ ]

# જ્ઞાન-દીપ

એક વખત એક માણસે નવી નવાઈની વાત સાંભળી. એને કોઈકે કહ્યું: 'આ પાસેના જંગલમાં એક ઝરણું છે. એનું પાણી એવું છે કે જે કોઈ એ પીએ, તેના દિલમાં આપોઆપ દયાની વૃત્તિ જાગે. એટલા માટે એ ઝરણું "દયાનું ઝરણું" કહેવાય છે.'

આ વાત સાંભળીને એ માણસને મન થઈ આવ્યું કે, આપણે એ દયાનું ઝરણું શોધી કાઢવું ને એનું પાણી પીવું.

એવી ધારણાથી એક દિવસ એ જંગલમાં ફરવા નીકળી પડ્યો.

ચાલતાં ચાલતાં જંગલના એવા તો સુંદર પ્રદેશમાં આવી ચડ્યો કે, ત્યાંની સુંદરતા જોઈને એ

છક્ક થઈ ગયો. એણે આવી સુંદરતા ક્યાંય જોઈ ન હતી. જયાં નજર કરો ત્યાં નજર ઠરી જાય, આંખ ધરાઈ જાય, ને મન પ્રસન્ન થઈ જાય. એ માણસને થયું કે દયાનું ઝરણું પણ આટલામાં જ ક્યાંક હોવું જોઈ એ.

એટલામાં એક માણસને એણે ત્યાં આવતો જોયો. એના હાથમાં એક લોટો હતો અને એ લોટામાં પાણી હતું. પેલો માણસ નજીક આવ્યો. એટલે એણે એને પૂછ્યું: 'તમે આંહીં 'દયાનું ઝરણું' કહે છે તે ક્યાંય જોયું છે?'

પેલા માણસે જવાબ વાળ્યો: 'હા. દયાનું ઝરણું આ દિશામાં જ છે. હું એ તરફથી જ આવું છું.'

'પણ તમે જાતે એ ઝરણું જોઈને આવ્યા છો કે સાંભળેલી વાત કરો છો?'

પેલા માણસે જવાબ વાળ્યો: 'આ લોટામાં પાણી પણ, એ દયાના ઝરણામાંથી જ ભરીને લાવ્યો છું!'

એટલે તો પેલા માણસને થયું કે દયાના ઝરણાની વાત સાચી છે. આ માણસે જોયું પણ છે. એણે બતા-

વેલી દિશામાં એ ઉતાવળે ઉતાવળે ચાલવા માંડયો.

જે દિશા પેલા માણસે બતાવી હતી, એ જ દિશા એણે પકડી હતી. ને એ ખૂબ ઝીણવટથી બધે જોતા હતો. ઝરણું વખતે નજર બહાર રહી ન જાય. પણ નવી નવાઈની વાત બની. એ શોધી શોધીને થાકયો, પણ એને દયાનું ઝરણું કયાંય મળ્યું નહિ. કોઈ ઝરણું જ એની નજરે ચડયું નહિ. તે દિવસે તો એમ ને એમ સાંજ પડી ગઈ ને એની શોધ અધૂરી રહી ગઈ. તે દિવસે તો એ પાછો ઘેર ગયો.

પણ એને લગની લાગી હતી કે એ શોધવું જ શોધવું, એટલે એ બીજે દિવસે સવારમાંથી જ આ દયાના ઝરણાની શોધમાં નીકળી પડયો.

પણ તે દિવસે પણ, અન પેલા ઝરણાંનો પત્તો લાગ્યો નહિ. એ નિરાશ થઈ ગયો. સાંજ પડવા આવી હતી. ઝરણું હજી કયાંય દેખાતું ન હતું. જંગલમાં કાંઈ રાત્રિ કઢાય તેવું ન હતું. એ ખાલી હાથે પાછો ફરી રહ્યો હતો, ત્યાં એણે એક સાધુને આવતો જોયો. આ સાધુને ઝરણાંની ખબર હશે, એમ ધારીને એ સાધુની તરફ ગયો ને તેને બે હાથ જોડીને પૂછયું: ‘ સાધુ

મહારાજ ! આંહીં ક્યાંક દયાનું ઝરણું છે, એ કઈ તરફ છે ? ને કયે ઠેકાણે છે ? એની કાંઈ નિશાની આપશો ? હું સવારનો શોધું છું, પણ મને એનો પત્તો જ મળતો નથી. એ દયાનું ઝરણું એક માણસ જોઈ પણ આવ્યો છે. એણે આ જ દિશા કહી હતી. પણ મને એ ઝરણું જડતું નથી. કાલે શોધ્યું, આજે શોધ્યું, પણ કાંઈ પત્તો લાગ્યો નહિ !

સાધુએ કહ્યું : ‘ પણ દયાનું ઝરણું આંહીં પાસે જ છે !’



‘ ક્યાં છે ? ક્યાં છે ? ’ પેલા માણસે ઉતાવળે કહ્યું. એને ઝટ ઝરણું જોઈ લેવું હતું. અને એનું પાણી

પીવું હતું.

સાધુએ આંગળીથી એક દિશા બતાવી અને કહ્યું: 'આ દિશામાં તમે માત્ર સો ડગલાં ચાલશો ત્યાં દયાનું ઝરણું તમારી નજરે પડશે. એનો રૂમઝૂમ અવાજ સાંભળીને જ, તમે પ્રસન્ન પ્રસન્ન થઈ જશો'

એટલું સાંભળતામાં તો એ માણસ, એકદમ સાધુએ બતાવી હતી તે દિશામાં દોડ્યો જ ગયો. એને ઘણી ઉતાવળ હતી. ને પાણી પીવાથી દયા આવી જતી હોય, તો એ મેળવી લેવાની એને ઘણી તાલાવેલી લાગી હતી.

પણ સો શું, પાંચસો ડગલાં આસપાસની ભોંય, એ જોઈ વળ્યો, પણ એ રામ એના એ! ત્યાં કેવું ઝરણું ને કેવી વાત?

એને સાધુ પર ગુસ્સો ચડ્યો કે, એ પણ ગપ મારતો લાગે છે. એકદમ જ એ પાછો ફર્યો. દોડતો જ પાછો ફર્યો. સાધુને પકડી પાડ્યો. એની પાસે પહોંચી ગયો. ફરીથી એમ પૂછ્યું: 'તમે કહેતા હતા, સો ડગલાં આઘે જ ઝરણું છે. પણ હું તો જોઈ જોઈ ને થાક્યો. ત્યાં તો ક્યાંય ઝરણું નથી. કોઈ ઝરણું દેખાતું જ નથી ને!'

સાધુએ શાંતિથી કહ્યું : 'ભાઈ ! આવી ઉત્તમ વસ્તુઓ મળે છે તેને, જેને એનો અધિકાર હોય છે. "ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ નવ સરે" એ વાત સમજવા જેવી છે. તમને ન દેખાય, તો તમારો અધિકાર નહિ હોય. તમે એને લાયક નહિ હો.'

'અરે શું મારો અધિકાર ન હોય ?' પેલો માણસ તો આ સાંભળીને ગુસ્સે થઈ ગયો. 'મારો અધિકાર નહિ ને પેલો લોટિયો, એક લોટો ભરી આવ્યો, એનો અધિકાર ? હું પણ લાયક છું. લાયકાત વિના આ ઝરણાની શોધમાં નીકળું ?'

'તમે તમારી જાતને અધિકારી માનો છો, લાયક ગણો છો, એ સાચી વાત. ઘણા પોતાને લાયક ગણે છે, અધિકારી માનતા હોય છે, પણ એવા ઘણા માણસો લાયક નથી હોતા.

તમારું લાયકાતનું ધોરણ તમે શી રીતે શોધી કાઢ્યું છે ? પહેલાં એ જાણવું જોઈએ. તમે શી રીતે માનો છો કે તમે લાયક છો ?'

'મારે ત્યાં આ આખા જંગલનો ઇજારો છે !' પેલા માણસે ગર્વથી કહ્યું, 'હું સંપત્તિમાં જન્મ્યો છું.

સંપત્તિમાં મોટો થયો છું. સંપત્તિ મેં વધારી છે. જંગલ મારું જ છે.'

'ત્યારે જુઓ ભાઈ! તમારે ત્યાં ઈજારો છે, એનો એટલો અર્થ થયો કે, જંગલનાં તમામ સુક્કાં લાકડાં ને ઠૂંઠાં તમને ઓળખે છે. તમે એમને ઓળખો છો. જંગલની સુંદરતા તમને દેખાય, એ પણ અસંભવિત જેવી વાત લાગે છે. તમે ઠૂંઠાં જોઈ શકો. એટલે તમને ઝરણું ન દેખાયું હોય તો, એમાં દોષ દેખાડનારનો નથી, તમારા અધિકારનો છે. તમને એ ઝરણું ત્યારે દેખાય, જ્યારે તમે લાયકાત મેળવો!'

પેલા માણસે વધારે આકરા થઈને કહ્યું: 'એ તો બધું ઠીક. એ ઝરણું આમ છે ને તેમ છે, એ બધું મેં સાંભળ્યું છે. પણ એની બરાબર જગ્યા નિશાની આપી-બતાવો ને! એટલે હું શોધી કાઢીશ!'

સાધુએ કહ્યું: 'ત્યારે ભાઈ! હું તને કહું તું મફત-
ા આ ઝરણું શોધે છે. હિમાલયની સુંદરતાનો કોઈ
નાર નથી. પણ એક રોઝને પકડીને, ત્યાં સો વરસ
પુધી ઊભું રાખો, અને પછી પૂછો કે, તને પર્વત કેવો
ુંદર લાગ્યો? તો એ બિચારું, આટલું જ કહેવાનું કે

તમે મફતની મારી રખડપટ્ટી ખોવરાવી!
તું શોધે છે એ ઝરણું તો મારા ભાઈ! તારા
જ દિલમાં છે. તેં કોઈ પ્રત્યે, કોઈ વખત
દયા બતાવ્યાં હોય ત્યારે તને દયાનું ઝરણું જોવ
તે પહેલાં નહિ. અધિકાર આ છે! ભાઈ! તું
છે, તે અધિકાર નથી. એ તો તારો ઉપરનો વેષ
લાયકાતની વાત વિના તો તું આખી જિંદગી શોધ
કરીશ, તોપણ તને ઝરણું દેખાશે નહિ.


'દયા તેને મળે છે, જે દયા બતાવે છે. પ્રેમ તે
મળે છે, જે પ્રેમ બતાવે છે. દયાનું ઝરણું આવી લાય
કાત હોય તો દેખાય. તે વિના નહિ.'

અને એટલું કહીને સાધુ ચાલતો થઈ ગયો.

[ ૧૪ ]

## રૂપક કથા

એક વખત એક ઋષિ પાસે ત્રણ ઉંદર આવી ચડયા. ઋષિ સમાધિમાં હતા. એ કાંઈ બોલે તેમ ન



હતા. ઉંદરોએ જાણ્યું કે આ ઋષિમાં કાંઈ જીવન નથી. આપણે આપણું કામ શરૂ કરો. એટલે એ મંડયા

ઋષિને કરડવા. ઋષિ સમાધિમાંથી જાગ્યા, ને જુએ છે, તો ત્યાં ત્રણ ઉંદર !

ઋષિએ એમને જોઈને કહ્યું : 'ભાઈઓ ! તમારામાંથી એક તો કોઠારમાં વસે છે. આખો દિવસ એને ખાવાનું મળે છે. એને ખાવાની ખોટ નથી, છતાં એ ભૂખાળવાની પેઠે આંહીં મને પણ કરડવા દોડ્યો. એ બતાવે છે કે એના સ્વભાવમાં આ વાત છે. કોઠારમાં રહેવા છતાં, આ સ્વભાવ એ ભૂલ્યો નથી, એટલે હવે એ સુધરી રહ્યો.

'તમારામાંથી બીજો છે, એ કબાટમાં રહે છે. કબાટમાં છે પુસ્તકો. પુસ્તકોમાં કાંઈ ખાવાનું નથી, છતાં એ પુસ્તકો ફાડ્યા જ કરે છે. આટલાં પુસ્તકો ફાડયાં, પણ હજી એને તૃપ્તિ થઈ નથી. પુસ્તકોમાંથી એ કાંઈ શીખ્યો નથી. એટલે એ પણ સુધરે તેમ લાગતું નથી.

'હવે રહી તમારામાંના ત્રીજાની વાત. એ રહે છે મંદિરની પાસે. મંદિરમાં કથા કીર્તન ચાલે, પણ એના ઉપર એની કાંઈ અસર થઈ નથી. ઊલટાનો એ વધારે ખાઉધરો બન્યો છે. નહિતર એણે તમને બેને વાર્યા

હોત કે ભાઈઓ ! આ જીવ બિચારો, આપણને કનડતો નથી. આપણે શું કરવા એને કનડવો? પણ એણે એવું કાંઈ કર્યું નહિ. એટલે એને માટે પણ સુધરવાની આશા નથી.

'હવે તમને બીજો તો હું શું શાપ આપું ? પણ તમને હું શાપ આપું છું કે, ભૂલ કરે, છતાં હઠ ન છોડે, એવા માણસોમાં તમે ફેરવાઈ જાઓ. માણસ જાત ભૂલ કરે છે, એનો માર ખાય છે, છતાં પાછી એની એ ભૂલ કરવા તૈયાર થાય છે. જુઓ ને પરમાત્માએ, એને બુદ્ધિ આપી, તો એણે એકબીજાનો નાશ કરે તેવાં શસ્ત્રો પેદા કર્યાં. હાથ આપ્યા, તો સમૃદ્ધિ મેળવી. અને એ સમૃદ્ધિ કેમ બીજાને નુકશાન કરે, એનો ઉપાય શોધવામાં પડ્યા. વિદ્યા મેળવી શકે તેવું મગજ આપ્યું તો એમણે મૂર્ખતા ભેગી કરી: મંદિરો એમણે બનાવ્યાં, તો કેવળ પગના ઢસરડા માટે, ડોસલાં ડોશીઓની નિંદાકુથલી માટે. માટે તમે માણસ-જાતમાં જઈને વસો. એક માણસ-જાત જ એવી છે, જે તમને પહોંચી વળશે. તમે માણસના પાડોશી થવાને યોગ્ય છો, કારણ કે તમે બીજાને નુકશાન કેમ થાય, તેની જ આખો દી

ચિંતા કરો છો. માણસ તમારા પાડોશી થવાને યોગ્ય છે, કારણ કે, એને આવી કોઈ પ્રવૃત્તિ હોય તો જ એની બુદ્ધિ, ઓછી નુકશાનકારક વાતોમાં પડે. નહિતર તો એ પોતપોતાનાં નાશનાં શસ્ત્રો ગોતવા-માંથી નવરા નહિ પડે !'

ત્યારથી માણસોની વચ્ચે ઉંદરો વસે છે, ને ઉંદરોની વચ્ચે માણસો વસે છે. એ સાચા પાડોશી છે.

એ જ પ્રમાણે ત્રણ સિંહો આ ઋષિ પાસે આવ્યા. ત્યારે એણે ત્રણે જણાને કહ્યું: 'તમે પણ પેલા ઉંદરોની પેઠે, માણસ-જાત પાસે જઈ ને વસો, કારણ કે તમારામાં એક એવો છે જેણે કારણ વિના એક પ્રવાસીને હણી નાખ્યો. બીજો એવો છે, જેણે સંદેશો લઈ જનારા ઘોડે-સવારને મારી નાંખ્યો. સંદેશો અગત્યનો હતો. એ સંદેશો ન પહોંચ્યો તો ગામ આખું લુંટાઈ ગયું. તમારા-માંના એક જણાએ એને નિરર્થક જ હણી નાખ્યો,

'તમારામાંના ત્રીજાએ, એક આંધળી બાઈની દૂઝણી ગાય મારી નાંખી. એને બિચારીને અનાથ ને સાધનહીન કરી મૂકી.

'તમારા આ ગુણો એવા છે, કે માણસ જાતના

પાડોશી થવાથી જ તમને ફાયદો થશે. ને તો જ તમે કાંઈક સુધરશો. નિરર્થક કજિયો કરવો, નિરર્થક હાનિ કરવી, અને જુઠાણાં ભરેલી ઠંડી ક્રૂરતા વ્યવહારમાં રાખવી; એ ગુણોને માણસો પણ સંઘરે છે ને તમે પણ સંઘરો છો, માટે તમે પાડોશી થઈને રહો. જાઓ!

'પણ જો જો ગાંડાભાઈ! તમારી ક્રૂરતા કુદરતી છે, પણ માણસની ક્રૂરતા તો એણે બુદ્ધિ પૂર્વકના અભ્યાસમાંથી મેળવી છે, એટલે એ નિત્ય વિકાસ પામતી રહે છે. તમે તો પહેલેથી જાણતા હતા કે પંજો મારવો. ને આજ પણ હજી ત્યાં જ રહ્યા છો. પંજો મારવો. પણ માણસ તો, પહેલાં લાકડી મારતો, ગોફણ મારતો એમાંથી કેવા કેવા બોંબમાં પહોંચી ગયો! એક ફેંક્યો કે દસ પંદર લાખ સાફ એટલે એની પેઠે તમે ન કરતા.

[૧૫]

# જીવનનો રંગ

એક વખત એક અત્યંત સુંદર પંખી, સ્વર્ગ-માંથી જાણે આવ્યું હોય તેવું, અચાનક પૃથ્વી ઉપર આવી ચડયું.

જોનારા છક્ક થઈ જાય એવા સુંદર ને વિવિધ એના રંગો હતા.

માણસ તો ઠીક, પણ ધરતી ઉપરનાં પંખીઓ પણ એના એ અદ્ભુત રંગો જોવા માટે, ભેગા થઈ ગયાં.

સૌથી પહેલાં ત્યાં દેખાણા કાગડા ભાઈ. પોતે તો સાવ કાળા. એમને આ પંખીના રંગો જોઈને અદેખાઈ તો એવી આવી કે ન પૂછો વાત. પણ આ તો કાગડા-ભાઈ, એકાક્ષી, અને વળી પાછા બધાના કરતાં પોતાને રૂપાળા માને તેવા.

એ બોલ્યા: ‘ આ ભભકામાં શું જોવાનું છે? છે એકે રંગનું ઠેકાણું ? કોઈ પૂછે કે કેવો રંગ છે તો શું ઉત્તર આપો ? એના કરતાં આ મારો રંગ શું ખોટો છે કે એક પાંચ વરસનું અબુધ છોકરું પણ તરત એને ઓળખી કાઢે ! ’

કાગડાભાઈએ શરૂઆત કરી, એટલે કાબરબાઈ કાંઈ ઝાલ્યાં રહે ? એ પણ બોલ્યાં કે, ‘ વાત કાગડાભાઈની તો સાચી છે. આ પંખીનો રંગ કયો ? તો એકે રંગ નહિ ! ’

કબૂતર કહે : ‘ આ રંગ મફતનો કોઈક સમળી જોવાનો માર ખવરાવે. આપણને તો આપણો રંગ ગમ્યો કે, ન કોઈની નજર લાગે, ન કોઈને અદેખાઈ આવે. આવો રંગ–ભભકો શું કરવો છે ? એ કામ શું આવે ? ’

ચકલી બોલી : ‘ તમે બધાં રંગમાં મોહ્યાં છો, પણ એને પૂછો તો ખરાં, કે આટલા બધા લપેડા, તને લગાવ્યા છે કોણે ? ’

એમ પંખીઓએ તો, આ સ્વર્ગપંખીની આકરી ટીકા આદરી. પણ એટલામાં એક મોર આવી ચડયો.

એણે આ પંખી જોયું ને એ સમજી ગયો: આ આંહીંનું ન હોય!

આ રંગની ઓર છટા, આંહીં ક્યાંય મળે નહિ.

ધરતીનાં પંખીના રંગ તો દ્નિ ત્રીન ને તીનમાં પૂરા થઈ જાય. આમાં તો કેટલા બધા રંગો છે? રંગોની કેટલી સુંદરતા છે? કેવી મોહક એની રજૂઆત છે?

એને થયું કે, આવા રંગ એણે કાઢ્યા હશે ક્યાંથી?

એટલે એણે ધીમેથી એને પૂછ્યું: 'હે ગગન-પંખી! તમે આ ધરતીના નથી, તો ક્યાંથી આવો છો?'

ગગનપંખીએ જવાબ દીધો: 'હું આવું છું સ્વર્ગમાંથી.'

'તમે ત્યાં રહો છો?'

'હા, મારો વાસ સ્વર્ગમાં છે!'

'ત્યારે અમને કહેશો કે તમને આવા મોહક સુંદર રંગો ક્યાંથી મળ્યા? અમારા જીવનમાં અમારે પણ આવા રંગો જોઈએ છે. તો એ ક્યાંથી મળે? શી રીતે મળે? એનું મુલ્યાંકન શું? કોણ એ આપે?'

બધાં પંખી તો મોરની આ વાણી સાંભળીને

એક ધ્યાન થઈ ગયાં. એમને પણ સૌને આ રંગનું આકર્ષણ તો થયું હતું. પણ એટલામાં સ્વર્ગના પંખીનો જવાબ આવ્યો, ને એ બધા નવાઈ પામી ગયાં.

સ્વર્ગના પંખીએ કહ્યું: 'આ રંગ મેળવવા માટે એક મહાન તપશ્ચર્યા કરવી પડે છે!'

'તપશ્ચર્યા કરવી પડે છે? એ વળી શું?'

'આ જે રંગ તમે જુઓ છો, તે મફતમાં મળ્યા નથી. એની પાછળ તો કૈંક વાતો પડી છે!'

'એ તો બરાબર છે: સૌ પોતપોતાના રંગનું ગાણું ગાય, તેમ તમે પણ ભલે ગાઓ. પણ કૈંક વાતો પડી છે, તે શી વાતો છે?'

'એવું છે ધરતીનાં પંખીઓ! આ રંગોની વાત સમજવા જેવી છે. આ રંગો નથી માત્ર પાંખના, કે નથી સારા દેહના. એ તો છે જીવનના રંગો. જુગના જુગ ચાલ્યા જાય—ન એ ઝાંખા પડે, ન બદલાય. એ જીવનના રંગો છે!'

સૌ પંખીઓ તો આ વાત સાંભળીને હસી પડ્યાં. પણ મોરે કહ્યું: 'આ જીવનના રંગો છે, એ તો ઠીક,

પણ એ આવ્યા ક્યાંથી ?'

'જો ભાઈ! જેનામાં તાકાત હોય, ઝેર પીધેલાં તીર ઝીલવાની; તેને આ રંગ મળે છે. જીવનના રંગો અમસ્તા મળતા નથી. આ તમારી ધરતીમાંથી આવતાં ઝેર ભરેલાં તીરને સહી શકે, કાંઈ ન હોય તેમ પોતાનાં કરી લે, જે ઝેરને પચાવી શકે, તેના દેહમાંથી જીવનના આવા અદ્ભુત રંગો પ્રગટ થાય છે!'

મોર તો એ સાંભળીને વિચારમાં પડી ગયો.


ખરેખર સ્વર્ગ પંખીના રંગો અદ્ભુત હતા. પણ ઝેર પીધેલાં તીર ઝીલવાની શક્તિ વિના, એ ક્યાં રેઢા પડયા હતા ?

એ સ્વર્ગીય પંખીની વાત પૂરી થઈ ન થઈ, ને બધાં જ પંખી સડેડાટ ત્યાંથી ઊડી ગયાં. કાગડો બોલતો ગયો: 'આપણે ભાઈ! જીવનના રંગ જોઈતા નથી. આપણે આ એક કાળો રંગ જીવનભર નભે, તો ઘણું છે! કાળો રંગ એ તો કાળો છે!'

ને બીજાં પંખી પણ ઠીક પડી તેવી ટીકા કરતાં ઊડી ગયાં! સ્વર્ગનું પંખી પણ ઊડી ગયું.

પણ પેલો મયૂર ત્યાં વિચાર કરતો બેઠો જ રહ્યો.

એને આ રંગની વાતોએ વિચારમાં નાખી દીધો હતો.



એટલામાં એક મધમાખી ઊડતી ઊડતી ત્યાં આવી રહી હતી, તે એને વિચારમાં પડેલ જોઈને થોભી ગઈ. અને મધમાખીએ એને કહ્યું: 'મોરભાઈ! કેમ વિચારમાં પડ્યા છો? શું છે?'

મોરે કહ્યું: 'જીવનના રંગ મેળવવા માટે, કેટલું બધું ઝેર પી જવાની તાકાત જોઈએ, તેનો હું વિચાર કરું છું! એવું ઝેર આપણે શી રીતે પચાવવાના?'

'પણ એમાં વિચાર કરવાનું શું છે?' મધમાખીએ

જવાબ વાળ્યો : 'અમે પણ અમારા ભ્રમણમાંથી એક વાત શીખી ગયાં છીએ. સુંદરમાં સુંદર મધ એ ફૂલમાં રહે છે, જે ફૂલમાં વધારેમાં વધારે ઝેર સંઘરવાની શક્તિ હોય છે!

'માણસ માટે ઘરઘરમાં આ વાત રહી છે.

'જે વધારેમાં વધારે ઝેર જીરવી શકે છે, બોલ્યા વિના, શાંતિથી, પછી એ ઝેર નાતિલાનું હોય, સગાંવહાલાંનું હોય, મિત્રોનું હોય, વાડાવાળાનું હોય, પક્ષનું હોય, રાજદ્વારીઓનું હોય, પૈસાવાળાનું હોય, પણ વધારેમાં વધારે ઝેરના ઘૂંટડા, જે પી જઈ શકે છે, તે વધારેમાં વધારે સુંદર જીવનરંગો બતાવી શકે છે. જીવનરંગો, ઝેર પીધેલા તીરના ઘામાંથી આવે છે. સ્વર્ગના પંખીએ એ વાત કરી, ને બધે જ મોરભાઈ! બધે જ, આ નિયમ છે. તમારી કેટલી શક્તિ છે ઝેર પીવાની? ઝેર પી જવાની?

'ભગવાન શંકરે ઝેર પીધું હતું. એની પૂજાનો આ અર્થ છે. સૌની કડવી વાત પેટમાં ઉતારી જાવી. ભગવાન શંકરના નીલકંઠની શોભાને અમસ્તી કવિઓ વખાણતા હશે?'






ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

પ્રકાશક વ વિક્રેતા

ગાંધી રસ્તા. અમદાવાદ.

# 'ધૂમકેતુ'ની 'લોકસંસ્કાર પુસ્તિકાઓ'

| | | | |
|---|---|---|---|
| ૧-૫ | જ્ઞાનકથાઓ ભા. ૧ થી ૫ | [બીજી આવૃત્તિ] | ૫-૫૦ |
| ૬ | કવિકથાઓ ૧ | | ૧-૨૫ |
| ૭ | ,, ૨ | [બીજી આવૃત્તિ] | ૧-૦૦ |
| ૮-૯ | ,, ૩-૪ | | ૨-૨૫ |
| ૧૦ | લોકરામાયણ ૧ | [ચોથી આવૃત્તિ] | ૧-૨૫ |
| ૧૧ | ,, ૨ | [ ,, ] | ૧-૨૫ |
| ૧૨-૧૭ | લોકસંસ્કાર દીપાવલિ-૧ | ૬ પુસ્તકોના આખા સેટના | ૩-૦૦ |

૧ અલી ડોચમીન ૪ તારણહાર
૨ ભૈયાદાદા ૫ સ્વાધીનતાની દેવી
૩ જુમ્મો ભિસ્તી ૬ ગોવિંદનું ખેતર

| | | | |
|---|---|---|---|
| ૧૮-૨૩ | લોકસંસ્કાર દીપાવલિ-૨ | ૬ પુસ્તકોના આખા સેટના | ૩-૦૦ |

૧ ભિખારીની દિલાવરી ૪ બલિદાન
૨ માર્સેલા ૫ ઘોડાનો ગુલામ
૩ માતાની છબી ૬ મહી નદીનાં પાણી

| | | | |
|---|---|---|---|
| ૨૪ | ભગવાન બુદ્ધ | | ૧ ૦૦ |
| ૨૫-૨૬ | જાતકકથાઓ ૧-૨ | | ૨-૨૫ |
| ૨૭-૨૮ | સાક્ષરકથાઓ ૧-૨ | | ૨-૦૦ |
| ૨૯ | જ્ઞાનગોષ્ઠિ | [ત્રીજી આવૃત્તિ] | ૧-૦૦ |
| ૩૦ | વડને છાંયડે | [બીજી આવૃત્તિ] | ૧-૦૦ |
| ૩૧-૩૨ | બોધકથાઓ ૧-૨ | [ ,, ] | ૨-૦૦ |
| ૩૩ | સંસ્કારકથાઓ | [ચોથું મુદ્રણ] | ૧-૦૦ |
| ૩૪ | ચારિત્રકથાઓ | [ ,, ] | ૧-૦૦ |
| ૩૫-૪૦ | લોકસંસ્કાર દીપાવલિ-૩ | ૬ પુસ્તકોના આખા સેટના | ૩-૦૦ |

૧ ઉપગુપ્તની વાત ૪ અદ્ભુત ગવૈયો
૨ પહઘાની દેવી ૫ ઈલિયડ-૧
૩ કાળરાત્રિ ૬ ઈલિયડ-૨

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ

શારદા મુદ્રણાલય : પાનકોર નાકા : અમદાવાદ